R.N.I.No. : 11555 / 1966

Vol No. 64 - Issue No. 9

Total - 44 Pages

# જ્યોતિપુંજ

# JYOTI PUNJ

Price Rs. 1/-

December - 2020



મધ









ઊંબાડિયું





*Merry Christmas*

*and*

*Happy New Year*

legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022-49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip® PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૪ | ૯ | ૨૧-૧૨-૨૦૨૦ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)**
**(જુનાગઢવાળા)**
**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**
**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# ગિરનાર પ્રદક્ષિણાનો ઈતિહાસ:

**તંત્રી સ્થાનેથી**

✍ બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

મહાભારત અને હરિવંશ પ્રમાણે યાદવો ને શ્રીકૃષ્ણ રૈવતક પર્વતની યાત્રાએ ગયેલા ત્યારે તેમની પિતરાઈ બહેન સુભદ્રાએ આ પુણ્યગિરિની પ્રદક્ષિણા કરીને પૂજા કરી હતી. અહીંથી અર્જુને તેનું હરણ કરેલું. અહીંની બૌદ્ધ ગુફાઓ ને અશોકનો શિલાલેખ જોતા બૌદ્ધોએ આને પવિત્ર પર્વત ગણ્યો હશે. જૈનોના બાવીસમાં તીર્થંકર નેમિનાથ (કૃષ્ણના પિતરાઈ ભાઈ) નો આ પર્વત ગણાય છે.

'કાર્તિક પૂર્ણિમાનો મેળો ગિરનારની પરિક્રમાનો છે. ભવનાથ પાસેથી પરિક્રમા શરૂ થાય છે. પર્વતની યાત્રા પ્રદક્ષિણા કરીને યાત્રીઓ પાછા ભવનાથ આવે છે ત્યાં મૃગીકુંડમાં સ્નાન કરી શ્રાદ્ધ તર્પણ કરે છે. નર્મદા, પ્રભાસ વગેરે તીર્થોમાં અહીં પરિક્રમા કે પંચતીર્થી કરવાનો રિવાજ છે. ભાવિકો પ્રથમ પવિત્ર નદી કે જલકુંડમાં સ્નાન કરીને પાછા ફરતા પાચં-દશ માઈલ ચાલીને પાસે આવેલ તીર્થકુંડોમાં સ્નાન કરીને પ્રદક્ષિણા કરીને મૂળ તીર્થે પાછા આવે છે. યાત્રીઓ બ્રહ્મમુહૂર્તે ઊઠી, મૃગીકુંડમાં સ્નાન કરી તળેટીના મંદિરોમાં દર્શન કરી વહેલી સવારે યાત્રા કરી પાંચ માઈલ કાપી બપોરે વિસામો કરે છે. આ પ્રમાણે ઝીણાબાવાની મઢી, ગંગાજળિયા કુંડ, બોરદેવી, ભવનાથ વિસામો કરે છે. પરિક્રમાના યાત્રીઓ ફળાહાર કે એકટાણા કરે છે, યમ નિયમો પાળી સંયમ કેળવે છે. વાનપ્રસ્થ પરિવ્રાજકનું જીવન ગાળે છે. યાત્રીઓ ચાર દિવસનું સીધું કે અન્ય ચીજવસ્તુઓ સાથે લાવે છે. સાધુઓ, ભાવિકો ને ગૃહસ્થો આ પવિત્ર પર્વતની યાત્રા કરીને ચાતુર્માસ પૂરા કરે છે. આ પ્રદક્ષિણાનું સ્વરૂપ ધાર્મિક છે. ક્યારેક રાવટીઓમાં, ચારણોના ડાયારાઓ, દુહાઓ કે લોકકથાની રમઝટ બોલાય છે.

# જે.જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
+91 98693 59912


**Bhavik Bhadresh Mody**
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).



પુરાણોમાં ગિરનારને રૈવત, ઉજ્જયંત, કુમુદ પર્વત, રૈવતાચલ ને ગિરિનારાયણ, જૈન ગ્રંથમાં ગિરનારઈ ને મુસ્લિમ શાસનમાં ગિરનાલ નામથી સંબોધાતો હતો. પર્વત પર સાત ટૂંકો છે. ૩૩ કરોડ દેવ, ચોર્યાસી સંતોના બેસણાં, ભર્તુહરિ, અશ્વત્થામા, ને માર્કંડેય ઋષિ અહીં નિવાસ કરતા હતા.

પવિત્ર ગિરનારની પ્રદક્ષિણા કરવાથી ભાવિકો પુણ્ય મેળવે છે. ગ્રંથો મુજબ રૈવતાચલ પર્વતની પ્રદક્ષિણા મધ્યયુગ પૂર્વે પણ થતી હતી. પવિત્ર પરિક્રમામાં જોડાતાં ભાવિકો પ્રસિદ્ધ દામોદરકુંડમાં સ્નાન કરી દૂધેશ્વર મહાદેવના દર્શન કરી ગિરનાર ફરતે ૩૬ કિ.મી. લાંબા પરિક્રમા રૂટમાં પ્રવેશ-પર્યાણ કરે છે. યાત્રિકો જંગલમાં પાંચ દિવસ દરમિયાન ત્રણ પડાવોમાં રાતવાસો કરે છે. ને વનમાં જ રસોઈ બનાવી વનભોજન કરે છે. ભાવિકો લીલી પ્રકૃત્તિનો વૈભવ માણે છે તેથી 'આ પરિક્રમાને લીલી પરિક્રમા પણ કહે છે.' પ્રથમ પડાવથી ઝીણાબાવાની મઢીથી ભરતવન, શેખાવન થઈ ઈષ્ટેશ્વર મહાદેવનું મંદિર પ્રથમ રૂટ પર આવે છે. ત્યાં ખોદકામ થતા ક્ષત્રપરાજની મુદ્રા, તોલમાપો જેવા અવશેષો મળ્યાં છે. પ્રથમ રાતવાસો ઝીણાબાવાની મઢીએ કર્યા બાદ માળવેલા જ્યાં બે રસ્તા છે, (૧) સરકડીયા ઘોડી ચડી ને હનુમાન સુર્યકુંડ થઈને (૨) ટેકરી ચડી માળવેલા જવાય - આ રસ્તો અતિ કઠિન છે. માળવેલામાં યાત્રિકો બીજો રાતવાસો કરે છે. ત્યાંથી ત્રીજો પડાવ બોરદેવી માતાની સુપ્રસિદ્ધ જગ્યા ખાતે હોય છે. અહીં માર્ગમાં નળપાણીની ઘોડી નામનો દુર્ગણ પર્વત આવે છે. અહીં માંડ એક એક યાત્રિક પસાર થઈ શકે એવી જગ્યા છે માટે વનખાતાના કર્મચારીઓ છાવણી નાખી પરિક્રમામાં જોડાયેલા યાત્રિકોની ગણતરી કરે છે. ત્રીજો પડાવ બોરદેવીની જગ્યાએ કરે છે. ચોથા દિવસે યાત્રિકો ફરીથી ભવનાથ આવી અહીં રાતવાસો કરી પાંચમાં દિવસે ફરી દામોદરકુંડમાં સ્નાન પતાવી ગિરનારની પ્રદક્ષિણા પૂરી થાય છે. ✪✪✪

(સૂર્યનમસ્કાર થી થતા અનેક લાભ -પાના નં. ૩૭)


**Yoga By Bankim Parikh**

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**

Mr. BHARAT K. DOSHI
98210 27136

I.S.W.P.
BHS
ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.


**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

# જીવનમાં આઈક્યુ અને એસક્યૂ પણ જરૂરી ?



✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

મનુષ્ય સામાજિક પ્રાણી છે, જે સૌથી વધુ બુદ્ધિમતા ધરાવે છે પરંતુ જીવનમાં એકલી બુદ્ધિ કામ આવતી નથી? રાવણ પાસે વીસ હાથ જેટલી શક્તિ અને દસ મસ્તક જેટલી બુદ્ધિ હતી એટલે ફિઝિકલ ક્વોશન્ટ (પીક્યુ) અને બુધ્ધિ (આઈક્યુ) હતી એટલે કે પાસે બળ (પીક્યુ) કે બુદ્ધિ પૂરતું નથી , પણ બદલતા સમય અને સંજોગોમાં પણ આપણી લાગણીઓ અને વૃત્તિઓ પર કેવી રીતે કાબુ રાખી શકીએ એ તેનાથી પણ વધુ મહત્વનું છે. આને ઈમોશનલ (ઈક્યુ) નામ અપાયું. રાવણ અર્થાત તેનો પીક્યુ, આઈક્યુ અને ઈક્યુ ઉચ્ચ આંક ધરાવતો હતો પરંતુ એક નારીના મોહમાં અંધ થયો અને એનો આધ્યાત્મિક આંક (એસક્યુ) નીચો ગયો. તેમાં તેની બધી જ શક્તિ હણાઈ ગઈ.

આ શબ્દ (એસક્યુ) ‘આધ્યાત્મિકતા’ના નામે પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે. આધ્યાત્મિકતા એટલે માત્ર જીવન મરણના ફેરામાંથી મુક્ત થઈને મુક્તિ કે (મોક્ષ) લીલામાં મેળવવાની પ્રક્રિયા નથી પરંતુ સંસારમાં રહીને પણ સર્વનું સુખ ઈચ્છે. સર્વની કલ્યાણની ભાવના રાખો, નિઃસ્વાર્થ રહી સમાજસેવા કરો, મળેલા કાર્યો નિષ્ઠાપૂર્વક કરો, પ્રામાણિકતા રાખો, માત્ર પોતાના માટે નહિ સમસ્ત સંસાર માટે વિચારો એ પણ એક આધ્યાત્મિકતા છે. એક માત્ર મનુષ્ય જ આ બધુ વિચારી શકે છે કારણ કે એડવાન્સ મશીન પ્રોગ્રામ ગોઠવ્યો હશે એ પ્રમાણે કામ આપશે. જે પ્રાણીઓમાં વધુ મળે છે.

આજના મેનેજમેન્ટ નિષ્ણાંતો પણ આજ વાત કહે છે. માણસ એકલો બુદ્ધિશાળી કે લાગણીવાળો હશે તે નહી ચાલે.તે પ્રામાણિક, નિઃસ્વાર્થ અને નિષ્ઠાવાન હોય તે પણ જરૂરી છે. તેનામાં સ્પિરિચ્યુઆલિટી હોય એ પણ જરૂરી છે.

આઈક્યુ અર્થાત બુદ્ધિતમા આંક ધરાવતા લોકો વધુ સફળ થતા હોય, પરંતુ તેની સાથે જેમનો એસક્યૂ વધુ હોય તે લોકો આગામી સમયમાં વધુ સફળ થશે. માત્ર બુદ્ધિના બળે તમે સારા ઉત્પાદનો બનાવી શકો પરંતુ માર્કેટમાં નામ કરવા પ્રામાણિકતા અને નિષ્ઠા જ કામ લાગશે.

સ્પિરિચ્યુઆલિટી ઘર, ઓફિસ, રાજકારણ કે કોઈ વ્યાવસાયિક ક્ષેત્રમાં જાળવી શકાય છે. કુદરત કહો કે ભગવાન તેની પણ ઈચ્છા હોય છે. માત્ર ભગવા કે સાધુવેશ ધારણ કરવાથી આધ્યાત્મિક નથી બની શકાતુ. ઘણા લોકો આધ્યાત્મિકતા આસ્તિકતા કે નાસ્તિકતા સાથે જોડે તે યોગ્ય નથી.

જે લોકો અંતરાત્માના અવાજને સાંભળીને નિર્ણય લેતા હોય, સર્વજન હિતાય - સર્વજન સુખાયની થિયરીમાં માનતા હોય, કર્મયોગી, નિઃસ્વાર્થ, નિષ્કપટ અને દયાળુ હોય, પર્યાવરણ અને કુદરત પ્રેમી હોય તે લોકો નાસ્તિક હોવા છતાં પણ અધ્યાત્મતાના શિખરે પહોંચી શકે છે.

ચાલો આ કોરોનાના અને કુદરતી પ્રકોપના કાળમાં બચવા આપણે આ આંક વધારવાની કોશિશ કરીએ ✪✪


## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### દાનની નામાવલી

- **ભરતભાઈ કિર્તનલાલ પરીખ** તરફથી રૂા. ૧૫,૦૦૦/- નું માતબર દાન કોવીડ રીલીફ ફંડ યોજના હેઠળ પ્રાપ્ત થયું છે.
- **એક શુભેચ્છક** તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું માતબર દાન કોવીડ રીલીફ ફંડ યોજના હેઠળ પ્રાપ્ત થયું છે.

સંઘ સર્વે કુટુંબોનો હૃદયપૂર્વક આભાર માને છે.

**મંત્રી - ભાવેશ મોદી** **પ્રમુખ - સૌમીલ મોદી**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# ક્રોધ સાક્ષાત યમરાજા છે !!



✍ નિલેષ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

માનવ જીવનમાં અનેક મનોવિકાર છે. આ પૈકી સૌથી 'પ્રબળ મનોવિકાર ક્રોધ' છે, કે જેનાથી આપણા કર્મો સૌથી વધુ પ્રભાવિત થાય છે, પરંતુ ક્રોધ કેમ આવે છે ? આ પ્રશ્ન ઘણો જ ગંભીર છે તથા તેનો જવાબ પણ એટલો જ ગંભીર છે. આપણા જીવનમાં એવી કેટલીક ઘટનાઓ બને છે કે આપણે ક્ષણિક ક્રોધના કારણે ગંભીર પરીણામો ભોગવવા પડે છે. આવું બનવાનું પ્રથમ કારણ છે 'વિવેકની ખામી'. જેમ પ્રકાશ અને અંધકાર એકબીજાના વિરોધી તેમ ક્રોધ અને વિવેક પણ એકબીજાના વિરોધી છે. જેમ પ્રકાશના એક કિરણથી અંધકાર દૂર થઈ જાય છે તેમ વિવેકની ગેરહાજરીના કારણે મનુષ્યને ક્રોધ આવી જાય છે. જ્યારે મનુષ્યનો વિવેક નષ્ટ થઈ જાય છે ત્યારે ક્રોધી વ્યક્તિને સારાસારનો તથા કેવી વાત કહેવી અને કેવી વાત ના કહેવી તેનો ખ્યાલ રહેતો નથી.

**શ્રીમદ્ ભગવદ્ ગીતામાં (૨/૨૬) શ્લોકમાં કહ્યું છે કે :**

**ધ્યાયતો વિષયાન્પુસઃ સંગસ્તેષૂપજાયતે !**

**સંગાત્સંજાય તે સંમ્મોહ : સંમ્પોહાત્સ્મૃતિવિભ્રમ :**

'વિષયોનું ચિંતન કરનાર મનુષ્યની તે વિષયમાં આસક્તિ જન્મે છે, આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે, કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે, ક્રોધથી મોહ (મૂઢતા) આવે છે, મૂઢતાથી સ્મૃતિ નષ્ટ થઈ થાય છે. સ્મૃતિ નષ્ટ થવાથી બુદ્ધિ અર્થાત વિવેક નાશ પામે છે. બુદ્ધિનો નાશ થવાથી મનુષ્યનું પતન થાય છે.'

ભગવાનનું ચિંતન નહિ થવાથી વિષયોનું જ ચિંતન થાય છે, કારણ કે જીવની એક તરફ પરમાત્મા છે અને બીજી તરફ સંસાર છે. જ્યારે આપણે પરમાત્માનો આશ્રય છોડી દઈએ છીએ ત્યારે સંસારનો આશ્રય લઈ સંસારનું જ ચિંતન કરીએ છીએ, કેમકે સંસાર સિવાય ચિંતનનો બીજો કોઈ વિષય રહેતો નથી. આ રીતે ચિંતન કરતાં કરતાં મનુષ્યની તે વિષયમાં આસક્તિ, રાગ અને પ્રીતિ ઉત્પન્ન થઈ જાય છે. આસક્તિ પેદા થવાથી મનુષ્ય તે વિષયનું સેવન કરે છે. વિષયોનું સેવન પછી ભલે તે માનસિક હોય કે શારીરિક હોય, તેનાથી જે સુખ થાય છે તેનાથી વિષયોમાં પ્રીતિ પેદા થાય છે. પ્રીતિથી તે વિષયોનું વારંવાર ચિંતન થવા લાગે છે. વિષયોમાં રાગ પેદા થવાથી તે વિષયોને (ભોગોને) પ્રાપ્ત કરવાની કામના પેદા થઈ જાય છે કે તે ભોગો (વિષયો) મને મળે ! કામનાને અનુકૂળ પદાર્થો મળતા રહેવાથી લોભ પેદા થઈ જાય છે અને કામના પુર્તિની સંભાવના થઈ રહી હોય, પરંતુ તેમાં કોઈ વિઘ્ન નાખે તો તેના ઉપર ક્રોધ આવી જાય છે.

આપણી ઈચ્છાનુસાર જ્યારે કોઈ કાર્ય ના થાય ત્યારે મનમાં તનાવ, કુંઠા, સંઘર્ષ તથા અસંતોષની સ્થિતિ પેદા થાય છે. આ સ્થિતિને શાંત કરવા અમુક હદ સુધી આપણો વિવેક પ્રયાસ કરે છે, પરંતુ જ્યારે વિવેકનું નિયંત્રણ રહેતું નથી ત્યારે ક્રોધ ભભૂકી ઉઠે છે. ક્રોધ અને હિંસાના પ્રભાવમાં વ્યક્તિ પેશાનિક ભાવનાથી પ્રેરાઈને ન કરવાનાં કાર્ય (અનર્થ) કરી બેસે છે. ઘણીવાર વિવેકની ખામીના કારણે આપણી અંદર વૈમનસ્ય, વિરોધ, કટુતા, ઈર્ષા, શત્રુતા, બદલાની ભાવના વગેરે વગેરે હિંસાનાં સુક્ષ્મરૂપ આપણી અંદર અંકુરના રૂપમાં હોય છે તે પણ ક્રોધનું રૂપ ધારણ કરી લે છે. આપણી અંદર તામસિક તત્વની ઉગ્રતાના કારણે બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને તેથી કોઈનું પણ અનિષ્ટ કરવામાં !! ક્રોધ સાક્ષાત યમરાજા છે !!

જો પશુતાની જગ્યાએ પ્રેમ દ્વેષની જગ્યાએ આત્મિયતા ભાવ હોય તો ક્રોધ ઓછો થઈ જાય છે. જ્યાં સુધી આપણી અંદર હિંસાની ભાવના રહેશે ત્યાં સુધી


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

ગમે તે રૂપમાં ક્રોધ પ્રગટ રૂપમાં રહે છે. ફક્ત ક્રોધને દબાવવાથી જ ક્રોધ શાંત થતો નથી, પરંતુ એક ભયાનક મનઃસ્થિતિ બની જાય છે. દૈનિક જીવનમાં પણ ઘણીવાર હિનતાની ભાવાનાના કારણે ક્રોધ આવી જાય છે. પોતાની કોઈ હીન ભાવનાને છુપાવવા માટે પણ લોકો ક્રોધનો સહારો લે છે કે જેથી પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકાય.

**ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં (૧૬/૨૧) શ્લોકમાં ક્રોધને નરકનું દ્વાર કહ્યું છે,**

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ**
**કામઃક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્રયં ત્યજેત !!**

'કામ, ક્રોધ અને લોભ આ ત્રણ નરકના દરવાજા જીવાત્માનું પતન કરનારા છે, એટલા માટે આ ત્રણેનો ત્યાગ કરી દેવો જોઈએ.'

ક્રોધ આવે ત્યારે આપણે જો થોડા સમય માટે તેને ટાળી દઈએ તો ક્રોધથી બચી જવાય છે. જ્યારે પણ કોઈ સારું કામ કરવાનો વિચાર આવે તો તુરંત જ કરી લેવું જોઈએ અને ખરાબ વિચાર આવે તો તેને ટાળી દેવું જોઈએ. આ કાર્ય કઠીન છે પરંતુ પ્રયાસ કરવાથી તેમાં સફળતા મળે છે, પરંતુ આ કાર્ય તે જ કરી શકે છે કે જે પોતાની ઈન્દ્રિયો ઉપર કાબુ રાખવામાં સક્ષમ છે, જેનામાં આત્મબળ છે, બુદ્ધિ પર વિશ્વાસ છે, સ્વભાવ શાંત અને ગંભીર છે. પ્રેમપૂર્વક વ્યવહાર કરવાથી બુદ્ધિનો વિકાસ અને નિર્ણય લેવાની ક્ષમતા અને સમાજમાં પ્રતિષ્ઠા વધે છે.

મનુસ્મૃતિમાં આ ક્રોધને ધર્મના દશ લક્ષણોમાનું એક માનવામાં આવ્યું છે.

**ધૃતિઃક્ષમા દમોડસ્તેયં શૌચમિન્દ્રિ નિગ્રહઃ**
**ધી વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મ લક્ષણમ્**
**(મનુસ્મૃતિઃ ૬/૯૨)**

**ધૃતિઃ** ધન વગેરે ના નાશ થવા છતાં ચિત્તમાં ધૈર્ય બનેલું રહે, શરૂ કરેલા કર્મમાં વિઘ્ન અને દુઃખ આવવા છતાં ઉદ્વિગ્ન ના થવું, સંતોષ રાખવો, પોતાના ધર્મથી સ્ખલિત ના થવું, પોતાના ધર્મને ક્યારેય ના છોડવો એ ધૃતિ છે.

**ક્ષમા :** વિના કારણે અપરાધ કરવાવાળાને દંડ આપવાનું સામર્થ્ય હોવા છતાં તેમના અપરાધને સહન કરી માફી આપી દેવી તે ક્ષમા છે.

**દમઃ** ઈન્દ્રિયોને વિષયોમાંથી હટાવવી એ દમ છે. મનને નિર્વિકાર રાખવું, મનને રોકવું, મનને મનમાની ના કરવા દેવી.

**અસ્તેયઃ** ચોરી ના કરવી, બીજાઓની વસ્તુઓમાં સ્પૃહા ન થવી, અન્યાયથી પરધન વગેરે, ગ્રહણ ન કરવાં, પારકા ધનને પત્થર તુલ્ય સમજવું તે અસ્તેય છે.

**શૌચ :** બાહ્યાંત્તરની શુદ્ધિનું નામ શૌચ છે. જળ, માટી વગેરેથી શરીરની શુદ્ધિ થાય છે અને દયા, ક્ષમા, ઉદારતાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. રાગદ્વેષ અને તૃષ્ણા રહીત શુધ્ધ મન બનાવવું જોઈએ. ખાવા-પિવામાં પવિત્ર સાત્વિક ચીજોનો ઉપયોગ કરવો જોઈએ.

**ઈન્દ્રિય નિગ્રહ :** ઈન્દ્રિયોને વિષયોમાં પ્રવૃત્ત ના કરવી, જિતેન્દ્રિય બનવું.

**ધી :** બુદ્ધિમત્તા, પ્રતિપક્ષના સંશયને દુર કરવા, શાસ્ત્રજ્ઞાન, અપરાવિદ્યા પ્રાપ્ત કરવી, આત્મ ઉપાસના કરવી, નિષિધ્ધકર્મમાં લજ્જા આવવી, શાસ્ત્રના તાત્પર્યને સમજવું, પોતાને અકર્તવ્યથી બચાવવા.

**વિદ્યા :** આત્મા-અનાત્મા વિષયક વિચાર, બહુશ્રુત થવું, આત્મા ઉપાસના કરવી.

**સત્ય :** મિથ્યા અને અહિતકારી વચવો ન બોલવાં, વાસ્તવિક સત્ય જ બોલવું, પોતાની જાણકારી અનુસાર યોગ્ય બોલવું.

**અક્રોધ :** ક્ષમા કરવા છતાં પણ કોઈ અપકાર કરે તેમ છતાં ક્રોધ ના કરવો, દૈવવશ ક્રોધ ઉત્પન્ન થાય તો

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

# TRADE LINK

**Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | COOLEX**

## AJMERA
Marine Light Fittings & Switchgears

Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

## walther
Electrotechnical Systems

Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision

## HENSEL
PASSION FOR POWER

Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

## HPL

Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

## COOLEX®
a smart LED innovation

LED Light Fixtures

**Sales Off. :** Room No. 20, 2nd Floor, Ajmera House, 63/67, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 3956 7231 / 6631 0540 • **E-mail** : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

પણ તેને રોકવો, પોતાના મનોરથોમાં વિઘ્ન નાખનાર પ્રત્યે પણ ચિત્ત નિર્વિકાર રાખવું. આવા વ્યવહારથી મન અને વાણી ઉપર નિયંત્રણ રહે છે, એટલા માટે કહ્યું છે કે **: અક્રોધેન જયેત્ક્રોધમ્...'**

ક્રોધને શાંતિથી જીતો. ક્રોધ એ પતન અને પરાભવનું કારણ છે, એટલે તેનાથી બચવું શ્રેયસ્કર છે. ક્રોધ અનેક મહાપુરૂષોના પરાભવનું કારણ બન્યો છે. મહર્ષિ દુર્વાસાએ ભગવાન શંકરના અંશાવતાર અને મહાન જ્ઞાની હતા, પરંતુ સ્વભાવતઃ ક્રોધી હોવાના કારણે તેમને રાજા અંબરીષને ત્યાં વિપત્તિનો સામનો કરવો પડયો હતો અને ક્રોધ જ તેમના પરાભવનું કારણ હતો. તેવી જ રીતે ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામજી પણ શિવ ધનુષ્યભંગના પ્રસંગમાં ક્રોધના કારણે જ પરાભૂત થયા હતા તથા તેમને તપસ્યાથી પ્રાપ્ત પુણ્ય પણ ગુમાવવું પડયું હતું.

**વસ્તુતઃ** ક્રોધના મૂળમાં કામ છે. કામના થવી કે કામના કરવી એ મનનું કાર્ય છે. મનથી વિપરીત થતાં જ ક્રોધ આવી જાય છે. મનનો સ્વભાવ અત્યંત ચંચળ છે અને તેની પ્રકૃતિ સંકલ્પ-વિકલાત્મક છે. મનના લીધેલ નિર્ણયો બુદ્ધિથી વિપરીત પણ હોઈ શકે છે એટલા માટે મનની ઉપર બુદ્ધિનું નિયંત્રણ હોવું ખુબ જ જરૂરી છે. બુદ્ધિના નિયંત્રણથી વિચારોમાં સાત્વિકતા આવે છે અને રજોગુણ તથા તમોગુણનો ભાવ દબાઈ જાય છે.

ક્રોધ થવાની અવિવેક ઉત્પન્ન થાય છે અને તેની સ્મૃતિભ્રમ થઈ જાય છે. સ્મૃતિના નાશ થઈ જવાથી બુદ્ધિ નષ્ટ થઈ જાય છે અને બુદ્ધિનાશ એ વિનાશનો મૂળ હેતુ છે.....**'બુદ્ધિનાશાત પ્રણશ્યતિ'.**

અનાસક્ત ભાવથી રહેવાથી કામ, ક્રોધ રહેતા નથી. શાસ્ત્રોમાં ક્રોધને સાક્ષાત યમરાજા કહ્યો છે તથા તેનાથી બચવાની સલાહ આપવામાં આવી છે...! ✪✪✪

Rakesh Dharia - 9819685882

- Civil
- Painting
- P.O.P.Work
- Fabricators
- Carpenter
- Aluminium
- Electric

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068


ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)
Sankalp Astrologist & Palmist
તથા

દક્ષેસ ભટ્ટ


જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯।
Email : gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com
✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨




દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

# મોહનીયાનું પ્રાયશ્ચિત



✍ પ્રવીણભાઈ દેસાઈ (સંકલન)

સવાર-સવારમાં સ્કુલમાં દોડધામ મચી ગઈ હતી.

'સાહેબ....સાહેબ..... મોહનીયો નથી આઈવો.....!' આ ફરીયાત તો ગઈકાલે'ય થઈ હતી અને હાજરીપત્રકમાં મોહનીયો તો ગઈકાલે પણ ગેરહાજર હતો.

આદિવાસી વિસ્તારના છેવાડાનાં ગામની શાળામાં વિદ્યાર્થીઓની સળંગ બે ત્રણ દિવસોની ગેરહાજરી તો સાવ સામાન્ય બાબત હતી. કેટલાક વિદ્યાર્થીઓ સ્વાદિષ્ટ મધ્યાન ભોજન કે સરકારી લાભો હોય ત્યારે સ્કુલમાં દેખાય....! સરકારી કાર્યક્રમો અને ઉત્સવોમાં કોઈને કોઈ લાલચ આપીને આ વિદ્યાર્થીઓને બેસાડીએ ત્યારે બેસે અને જો તેમને ભણાવવા હોય તો જંગલમાં જઈ શોધવા પડે....!

ગુણોત્સવ હોય ત્યારે બધા શિક્ષકોએ વિદ્યાર્થીઓ અને વાલીઓને રીતસરનું કરગરવું પડે....!

જો કે આજે તો મોહનીયાના વાલી ખુદ સામે ચાલીને સ્કુલે આવ્યાં હતા,'સાહેબ તમે મારા મોહનીયાને ક્યાં ભગાડી દીધો...? પાછો લઈ આલો... નહીં તો અમે પુલિસમાં જઈશું....' તેમના અવાજમાં લાચારી હતી કે ધમકી તેનો સ્પષ્ટ ખ્યાલ નહોતો આવતો.

જો કે મોહનીયાના મા-બાપ તો તેને સ્કુલમાં પહેલા ધોરણમાં મુકવા આવ્યા'તા તે દિ' પછી છેક આજે બીજીવાર નિશાળના ઓટલે ચઢયાં હતા.

તે બન્ને આચાર્ય સાહેબની ખુરશી સામે સાવ લાચાર બની ઉભડક પગે જમીન પર બેસી ગયેલા. જો કે આ રીતે જ બેસવાની આદતથી તેઓ ટેવાયેલા હતા.

'અરે.... કરમશી તું આ સામે ખુરશીમાં બેસ....!' આચાર્ય સાહેબે તેને જમીન પરથી ઉભા થવા કહ્યું.

'ના સાહેબ ઈ ખુરશીયુ' અમને નો ફાવે..... મારો મોહનીયો બે દા'ડા થી ઘરે નઈ આઈવો.... માતાની બાધા પણ રાખી લીધી. વશરામભૂવાએ કીધું છે કે ઈના માથે ભૂત છે, ઈ હટે નહી તઈ લગણ ઘરે નઈ આવે.....!'

થોડીવાર રોકાઈને તે ફરી બોલ્યો, 'સાહેબ ઈ ભૂત તમે જ ચડાવેલું, એટલે તમને સંધાય અમારા મોહનીયાને પાછો લઈ આલો....'! પેલો કરમશી તો સામે બેસી હાથ જોડીને કરગરી રહ્યો હતો.

'આ ક્યું ભૂત અને કયો ભૂવો....? કરમશી મને મોહન વિશે કંઈ ખબર નથી.' આચાર્ય સાહેબે તો પોતાના કપાળે હાથ મૂકીને તેમના ગમારવેડાં પર નાખુશી વ્યક્ત કરી.

'ઈ શું બોઈલા, સાહેબ.....! ઈને તો માથે ટકલું કરાવી દીધેલું અને ઈના બાપાએ તો મારેલો....! આ તો બરાબરનો ટીપાઈ ગીયો પછી ઈને ચોખવટ કરી કે અમારા મોટા સાહેબે કીધું શ એટલે અમે માની ગ્યેલા.... અમને ઈમ કે આ ટોલા કરાવવાનું હરકારી અભિયાન હશે અને ઈમાં અમને કંઈક મળશે...સંધાયને ફરજીયાત ટોલા કરાવવાના હશે, પણ મારા મોહનીયા સિવાય નિશાળમાં કોઈએ ટોલો નથી કરાવ્યો સાહેબ....! અને ઈ ટોલાવાળું ભૂત ઈને ભરખી ગ્યુ શ.....! કરમશીની વહુ એટલે મોહનીયાની માં એ વિસ્તારથી કહ્યું તો આચાર્ય સાહેબને કંઈક સમજણ પડી.

આચાર્ય સાહેબ તો પોતે હસવું કે આ લોકો સામે સોગીયું મોઢું રાખવું તે નક્કી ન કરી શક્યાં એટલે તેમને ટેબલ નીટે મોઢું ઘાલીને થોડીવાર સામે બેસેલા કમરશી અને તેની વહુને ન દેખાય અને ન સંભળાય તે રીતે હસી લીધું.

પછી મોં સહેજ ગંભીર કરી ઉંચુ કર્યુ અને આચાર્ય સાહેબે તેમની પૂછપરછ શરૂ કરી,'મોહનીયો, ક્યારથી ઘરે નથી આવ્યો ?'

અને કરમસી તરત જ બોલ્યો, 'પેલા'દી ઈ ટાલીયું

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex**
**Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

કરી, ભાભાના વાઘા પેરી નિશાળે આઈવો તો અને મારી હામે તો કંઈક અંતરમંતર જેવું બોલતો'તો... મને તાણે જ વહેમ હતો કે ઈનું ચસ્કી ગ્યું શ.........પણ તમારું નામ દીધેલું એટલે એવા વેહમાં મેં નિશાળે આવવા દીધેલો. ઈને તો તે દિ એવા જ વાઘા પેરી રાખેલા અને બીજા'દી પણ ઈ રીતે જ ઘરેથી ગીયો ને હજુ આઈવો નહી.....'

આચાર્ય સાહેબે તો તરત જ બધા શિક્ષકોને ભેગા કર્યા અને મિશન મોહનીયો શરૂ કર્યું.

'આ મોહનીયાનું છે શું ?' આચાર્યે તો સામે બેસેલા તેના વર્ગશિક્ષકને પુછયું.

'અરે, સાહેબ, આ બીજી ઓક્ટોબરે, ગાંધી જયંતિની ઉજવણી હતી ઈમાં મારા વર્ગમાંથી કોઈ એક ને ગાંધીજીની વેશભૂષા કરવા કીધેલું. મોહનીયાએ તો તરત જ કીધેલું કે મારું નામ મોહન અને મારા બાપાનું નામ કરમશી એટલે આ કામ હું જ કરીશ.... અમને'ય ખબર નહોતો કે ઈના માથા પર ગાંધીજીનું ભૂત વળગશે....!'

અને ત્યાં જ મોહનીયાની માં વચ્ચે બોલી,'હા સાહેબ, પેલો વસરામભૂવો કેતો'તો કે ઈના માથે ભૂત છે ઈ જ આ ધીગાજીનું ભૂત....' તેને ગાંધીજી બોલતા ન ફાવ્યું એટલી ધીગાજી થઈ ગયુ અને બધા હસી પડયાં એટલે તે ચૂપ થઈ ગઈ.

'સાહેબ, ઈને તો સાચો સાચ ટાલ કરાવી દીધી અને આપણાં પ્રોગ્રામમાં ચાર ચાંદ લાવી દીધા, પેલા બાજુના શહેરનાં પ્રમુખ આવેલા તો ઈ એ ખુશ થઈ ગ્યેલા કે આ બાપુનો તો વટ પડે છે, અને આપણો મોહનીયો પછી ક્યાંથખી ઝાલ્યો'રે ઈને તો વૈષ્ણવ જન તો કહીએ.... અને રામ ધૂન સરસ લલકારી.... રેલીમાં આગળ જ ચાલતો અને શેરીના કૂતરા વાંહે પડે તો લાકડી લઈને ભગાડતો, સાહેબ ઈ'નો વિડીયો જોશો તો પેટમાં દુઃખશે એવો છે... તમે હાજર હોત તો મજા પડે તેવું હતું.' પેલા શિક્ષકે વિસ્તાર વર્ણન કર્યું.

જો કે પેલા વર્ગશિક્ષકે આચાર્ય સાહેબની ગેરહાજરીની વાત કરી તો તેમને ન ગમ્યું એટલે વાત ફેરવતા કહ્યું,'એ રીપોર્ટ તો મેં ઉપર મોકલી દીધો છે, પણ આ મોહનીયો ગયો ક્યાં... ?'

મોહનના વર્ગશિક્ષકે ફરી કહ્યું, 'સાહેબ, ગઈકાલે સવારે વહેલો ઈ ગાંધીજીના વેશમાં જ આવેલો અને આખી નિશાળમાં કચરો સાફ કરેલો... ધૂન ગાયેલી.... લાઈબ્રેરીમાંથી બે પુસ્તકો મેં ઈને ચાર દિવસ પહેલાં આપેલાં તો ઈમાંથી ભગવદ્ગીતાનું પુસ્તક તો ઈના હાથમાં જ હતું..... ઈ કે'તો કે મેં 'સત્યનો ઉપયોગો' પણ વાંચી લીધું છે.'

'સત્યના ઉપયોગો નથી પ્રયોગો છે..... ગુણોત્સવમાં ધ્યાન રાખજો, આમ ઈજ્જતનાં ભવાડાં ન કરતા...!' આચાર્યે તરત જ તેમની ભૂલ સુધારતા કહ્યું.

'મને પણ સાચે આપણો મોહનીયો મોહનદાસ ગાંધી બની ગયો હોય તેવું જ લાગતું હતું. કાલે સવાર પછી ઈ તો અધવચ્ચે જ સ્કુલેથી ચાલી ગયેલો અને મને એમ કે આપણાં ગાંધીબાપુ છે એમને થોડાં રોકાય.....!' વર્ગશિક્ષકે મજાકના સૂરમાં કહ્યું.

'પછી એ ઘરે નથી ગયો તો મોહનીયો ગયો ક્યાં.... ?' આચાર્ય સાહેબે ટેબલ પર હાથ પછાડયો.

'સાહેબ, વસરામભુવાને અહીં જ લાવો... હાલ દાણા નાખીને કેશે કે મોહનીયો છે ચ્યાં... ?' મોહનની માંને તો હજી વસરામભુવામાં વધુ વિશ્વાસ હતો.

'એક કામ કરીએ, આપણે આખા ગામમાં ફરી આવીએ....!' આચાર્યએ બધા શિક્ષકોને હુકમ કયો.

'સાહેબ, હું સંધેય ફરી આઈવો શું.... રાતે'ય ઘરે ન આવે એવું કોઈ'દી બને નઈ. મોહનીયો તો સાવ ફટ્ટુ છે...રાતે સામે શેઢે મૂતરવા'ય જાય એમ નથી..' કરમસીએ તેવી વાત કરતાં કહ્યું.

'તો પોલીસને બોલાવીએ....' આચાર્ય સાહેબે ફોન હાથમાં લીધો.

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq™

Schneider Electric

BHAVIK PARIKH

ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

અને ત્યાં જ મોહનીયો સામે દરવાજામાં પ્રગટ થયો. એ જ તેની ગાંધીજીની વેશભૂષામાં.... માથે ટાલ.... હાથમાં લાકડી... પોતડું ને હાથમાં ભગવદ્‌ગીતા...

તેની માં તેની પાસે જવા ઊભી થઈ ત્યાં આચાર્ય સાહેબે તેને રોકી અને તેમને જ પૂછયું,'મોહનીયા, ક્યાં ગ્યો તો... ? બધા તારી કેટલી ચિંતા કરતા હતા.'

મોહને તો શાંતચિત્તે જવાબ આપ્યો,'પ્રાયશ્ચિત કરવાં.'

'હેં' બધાના મોંએથી એક જ અવાજ નીકળી ગયો.

'મેં સત્યના પ્રયોગો વાંચ્યુ એટલે મને સમજાયું કે ગાંધીબાપુ બનવું બહુ અઘરું છે. પહેલા તો પોતાના પાપ ધોવા પડે અને પછી પૂણ્ય કમાવવું પડે.' મોહનીયો તો કોઈ આધ્યાત્મિક ગુરુ હોય તેમ વાત કરી રહ્યો હતો.

'તો તેં શું કર્યું ?' આચાર્ય સાહેબ તેને પુછી રહ્યા હતા.

'મેં ગલીના કુતરાઓ, અબોલ પશુઓને વગેરેને અવારનવાર દુઃખ પહોંચાડ્યું છે એટલે એક દિવસ નકોરડાં ઉપવાસ કર્યા..... નદીમાં આખી રાત ઉભો રહ્યો અને મારા પાપોને મેં સ્વીકાર્યા.' મોહન હજુ શાંત ચિત્તે કહી રહ્યો હતો.

'કેવા પાપો... ?' આચાર્ય તેની આંખોમાં પ્રગટેલા મોહનને ઓળખી રહ્યા હતા.

'મેં મારા વર્ગશિક્ષકના પાયજામા માં એકવાર કુવેચ (ખંજવાળ આવે તેવી વનસ્પતિ)નો પાવડર નાંખીને તેમને બે દિવસ ખંજવાળતા કરી દીધા હતા.... સાહેબ તમારી ગાદીમાં ક્યારેક કાંટા વાગતા હતા તે હું જ મુકતો હતો... પેલી સરકારી ગાડી આવી'તી તેના ટાયરોની હવા મેં જ કાઢી નાંખી હતી.' એમ કહીને મોહન એક પછી એક પોતે કરેલી બધી ભૂલો સ્વીકારી રહ્યો હતો.

આચાર્ય સાહેબ આજે તેની આંખોમાં હકીકતમાં ગાંધીબાપુના દર્શન કરી રહ્યા હતા તે તેને શાબાશી આપવા ઉભા થયા.

આ મોહનીયો આજે ખરેખર મોહનદાસ ગાંધી બની પાછો ફર્યો હતો.

પણ મોહન તેના માં-બાપ બાજુ ગયો અને બોલ્યો, 'બાપુ હું કેટલીયવાર રાતે તમારી ચલમમાંથી ધુમાડા ખેંચી લઉં છું.... અને માંઈ તારા બટવામાંથી મેં ઘણીવાર પૈસા ચોરેલા.... આપણાં કુળદેવતાના પેલા પૈસા ચોરાયેલા તે મેં જ ચોર્યા'તા... બાપુ, મને માફ કરો.... આ ગાંધીબાપુ બન્યો અને તેમની આત્મકથા વાંચી એટલે ખબર પડી ખરેખર ગાંધીજી બનવું એટલે શું ? હવે હું આવી ભૂલો નહી કરું.' એમ કહી મોહન તેમને પગે લાગ્યો.

પણ આ માં-બાપને આ પ્રાયશ્ચિત શબ્દની ગતાગમ પડે ક્યાંથી... ? તેવા બાપુએ તો તેના હાથમાંથી લાકડી લીધી અને બરાબરની ફટકારી,'નખ્ખોદ જાય તારા ધીગાજીનું અને તેના ભૂતનું... નિશાળે આવીને તને આવું શીખવાડયું... !'

અને ત્યાં તેની માં પણ બોલી,'ઈ વશરામભુવા જોડે જ લઈ જાવ તો જ તેનું મગજ ઠેકાણે આવશે... નહીં તો આ ટાલકાંવાળું ભૂત મારા દિકરાને ભરખી જાહે.... !'

આચાર્ય તેમને સમજાવવા નજીક ગયા પણ મોહન નવા બનવા નીકળેલો મોહનીયો ગાંધીવેશમાં જ માર ખાતો ખાતો ઘર તરફ ભાગ્યો.

અને આચાર્ય સાહેબ મનોમન બબડયા,'મોહનીયા તારું પ્રાયશ્ચિત ખરેખર વંદનીય છે, આપણાં ખાદીધારીઓ કે દેશવાસીઓ પણ તારી જેમ એકવાર પ્રાયશ્ચિત કરે તો ગાંધીબાપુના જન્મદિવસની ઉજવણી સાર્થક ગમાય... પણ આ સત્યના પ્રયોગો સહેલા થોડાં છે... ? ?'

✪✪✪

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫




આજે આપણે કહીશું કે આવ્યો મોસમ ખુશીનો તો એ ખોટુ નહી કહેવાય! કારણ કે આજના દિવસે આપણે આપણા સગા-સંબંધી, મિત્રો, અડોશ પડોશ બધાની સાથે ખુશીનું આ પર્વ મનાવીએ છીએ. જેને હિન્દીમાં 'બડા દીન', અંગ્રેજીમાં 'ક્રિસમસ' અને ગુજરાતીમાં 'નાતાલ' કહીએ છીએ. વર્ષનો આખરી મહિનો આપણને ખુશી દઈને જાય છે. કારણ કે ૨૪ ડિસેમ્બરની મધ્યરાત્રીએ બેથલેહેમ શહેરના દાઉદ નગરમાં બાળ ઈસુનો જન્મ થયો હતો. આ રાત્રિને નિર્મળ અને શાંત રાત્રિના નામે સંબોધવામાં આવે છે કારણ કે ઈશ્વરે પોતાનાં એકના પુત્રને માનવજાતનાં ઉધ્ધાર માટે અર્પી દીધો હતો. હવે આપણે ખ્રિસ્તી ધર્મ વિશે સંક્ષિપ્તમાં વર્ણન કરીશું.

માતા મરિયમનો વિવાહ યુસુફ નામનાં વ્યક્તિ સાથે નક્કિ થયા. વિવાહ પહેલાં માતા મરિયમ પવિત્ર આત્મા દ્વારા ગર્ભવતી થઈ. યુસુફ એક ધાર્મિક વ્યક્તિ હતા. તેમના મનમાં કાંઈક બીજું આવે એ પહેલાં તેના સ્વપ્નમાં તેમના પ્રભુએ કહ્યું કે,'યુસુફ તારી પત્ની મરિયમ પવિત્ર આત્મા દ્વારા ગર્ભવતી થશે અને તેને જે પુત્ર અવતરશે તેનું નામ તું ઈસુ પાડશે. આ પુત્ર સર્વ માનવજાતિનાં ઉધ્ધાર માટે પૃથ્વી પર માનવરૂપમાં જન્મ લેશે. જે પાપ-ગુના નફરતને મિટાવવા જન્મ લેશે અને આમ આ ભવિષ્યવાણી સાચી ઠરી ને ડિસેમ્બરની ૨૪મી તારીખની મધ્યારાત્રિમાં બાળ ઈસુએ માનવરૂપમાં પૃથ્વી પર જન્મ લીધો. જેનું નામ ઈમાનુએલ એટલે કે 'દેવ આપણી સાથે' છે.

જ્યારે ભરવાડો સીમમાં ઘેટા - બકરાં ચરાવતાં હતાં ત્યારે આકાશમાંથી દેવદુત ઉતર્યા અને ભરવાડોને એ સુસમાચાર આપ્યા કે દાઉદ નગરમાં એક મુક્તિદાતાનો જન્મ થયો છે જે પૂર્ણ સંસાર ઉપર રાજ કરશે અને સારી સૃષ્ટિમાં ખુશી છવાઈ જશે. ભરવાડોએ આશ્ચર્ય ચકિત થઈને પુછયું કે આ મુક્તિદાતા અમને, ક્યાં મળશે! ત્યારે દેવદુતોએ જણાવ્યુ કે પુર્વમાં એક પ્રકાશિત તારો તમે જોશો એ તમને જ્યાં દોરી જશે અને જે જગ્યાએ ઉભો રહેશે તે જગ્યાએ તમને બાળઈસુને એક સાધારણ લુગડામાં લપેટાયેલો મળશે. જે શાંતિનો રાજકુમાર કહેવાશે. ત્રણે ભરવાડો આ સાંભળીને તારાની પાછળ પાછળ ગયા અને આ શાંતિના રાજકુમારને ભેટ આપવા માટે સૌથી મુલ્યવાન વસ્તુ જેવી કે સોનુ, બોળ (ગંધરસ) અને લોબાન લઈને ગયા અને જ્યાં તારો થંભી ગયો ત્યાં જઈને બાળ ઈસુના દર્શન કર્યા અને અમુલ્ય ભેટનું અર્પણ કર્યું. જેના કારણે ખ્રિસ્તી લોક નાતાલનાં પવિત્ર તહેવારમાં એકબીજાને ભેટ-સોગાદો આપીને પોતાની ખુશી અને ઈશ્વર પ્રત્યેમાં પ્રેમને પ્રદશિત કરે છે.

**સ્વર્ગદુત** : સ્વર્ગદુત સૌથી પ્રથમ અને સૌથી મહત્વનું છે. કેમકે મોટા આનંદના શુભ સમાચાર લઈને આકાશમાંથી ધરતી પર સંદેશ આપવા આવ્યા હતા.

**તારો** : તારો એ ઈશ્વરના જન્મનું પ્રતીક છે. જેનાં કારણે ખ્રિસ્તી ઘરોમાં તારો ઘર-આંગણે લગાડવામાં આવે છે અને એકબીજાને ભેટ આપીએ છીએ.

**ક્રિસમસ ટ્રી** : સૌ પ્રથમ જર્મનીમાં ક્રિસમસ ટ્રીનો પ્રારંભ થયો હતો કારણ કે કડકડતી ઠંડીમાં અને ભયાનક રાત્રીના બાળ ઈસુનો જન્મ થયો ત્યારે રોડ ઉપર બરફવર્ષા થઈ રહી હતી. જે એક સફેદ રૂની જેમ ચમકતુ હતું અને એ જ રીતે આપણે ઘર અને ચર્ચને ક્રિસમસ ટ્રી થી સજાવીએ છીએ. આ પણ પ્રભુ ઈસુના જન્મનું પ્રતીક છે. ક્રિસમસ ટ્રી દેવદારના વૃક્ષ તરીકે જાણવામાં આવે છે.

**ક્રિસમસ કાર્ડ** : સૌ પ્રથમ ઈંગ્લેન્ડના સર હેનરી કોલ નામના શ્રધ્ધાળુએ છપાવ્યું. સન ૧૮૪૩ માં ક્રિસમસ કાર્ડની પ્રથા ચાલુ થઈ. આ રીતે ક્રિસમસની શુભેચ્છા એકબીજાને કાર્ડ દ્વારા પાઠવીએ છીએ.

**સાંતાક્લોઝ** : સાંતાક્લોઝ જેનું અસલ નામ 'સંત નિકોલસ' જે ગ્રીક આઈલેન્ડના રહેવાસી હતા. જે ખૂબ ઠીંગણા હતાં. જે પોતાના પાસે લાલ, મોટો થેલો રાખતા

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

હતાં. જેમાં ગીફ્ટના રૂપમાં ચોકલેટ, બિસ્કીટ વગેરે રાખતા હતાં. જે બાળકોને ભેટ આપતા હતા. જેથી બાળકો તેમને પસંદ કરતા હતા અને તેમની આવવાની રાહ જોતા હોય છે. જેમને ક્રિસમસ ફાધર તરીકે સંબોધે છે. જેને કારણે સ્કુલ, કોલેજોમાં બાળકો લાલ કપડાં પહેરીને સાંતા ક્લોઝ બને છે. અને ઘણા ઘરોમાં માતા-પિતા બાળકોને કહે છે કે ૨૪ ડિસેમ્બર રાતે સાંતાક્લોઝ આવીને તમને ભેટ આપશે.

**ગભાણ :** ખ્રિસ્તી ઘરોમાં ગભાણ બનાવવામાં આવે છે. જેના દ્વારા લોકો બાળ ઈસુને પોતાના ઘરમાં આમંત્રણ આપે છે. એટલે એટલા માટે ગભાણ પણ નાતાલનો એક મોટો ભાગ છે.

**પ્રાર્થના :** પ્રાર્થના એ આંતરીક ભાવનાઓને બહાર લાવવાનું માધ્યમ છે. પ્રાર્થનામાં બહુ શક્તિ છે. હૃદયપૂર્વક કરેલી પ્રાર્થના હંમેશા પૂરી થાય છે.

**પ્રેમ :** સૌથી મહત્વપૂર્ણ પ્રતીક છે ‘પ્રેમ’. તેની સાથે સાથે ત્યાગ, ક્ષમા એકબીજાની સહાયતા કરવી એ નાતાલનો ખરો સંદેશ છે. ગંભીરતાથી એ વાત પર પ્રકાશ પાડીએ કે શું આપણે આપસમાં પ્રેમભાવ રાખીએ છીએ આપણા પડોશી, સગા-સંબંધી, મિત્રમંડળ સાથે પ્રેમ ભાવથી રહીએ છીએ. ગરીબોની સેવા, સહાયતા કરીએ છીએ. બદલાની ભાવના દૂર કરી આપણા દુશ્મનોને ક્ષમા આપીએ છીએ.  ક્ષમા એ આપણા જીવનમાં ખૂબ જરૂરી છે.

કોઈ હૃદયથી ક્ષમા માગે અને બીજીવાર ભૂલ ન કરવાની પ્રતિજ્ઞા કરે તો આપણે દીલથી તેને ક્ષમા આપવી જોઈએ. આપણે હૃદયને સાફ કરી અપંગ-લાચારની સહાયતા કરવી તેમજ પશ્ચાતાપ કરવો એ જ નાતાલનો સંદેશ છે.

**મીણબત્તી :** મીણબત્તી એક પ્રકાશમય રૂપમાં આપણે જોઈએ છીએ. આપણા ઘરોમાં જેમ મીણબત્તી પેટાવીને અંધકારને દૂર કરીને પ્રકાશ ફેલાવીએ છીએ તેમ નાતાલમાં ઈસુના આગમન સમયે મીણબત્તી જલાવીને સ્વાગત કરીએ છીએ. કારણ કે ઈશ્વરે કહ્યું છે કે,‘જગતનું અજવાળું હું છું.’ તો કેન્ડલ જલાવીને સંસારમાં અજવાળુ ફેલાવીએ છીએ અને ઈશ્વરનું સ્વાગત કરીએ છીએ.

**કેક :** જે રીતે આપણે ખુશીના દિવસોમાં મોં મીઠુ કરીએ છીએ એ જ રીતે ખ્રીસ્તી લોકો એકબીજાને કેક ખવડાવી પોતાના આનંદને વ્યક્ત કરે છે.

નાતાલનો એક શુભ સંદેશ છે કે એકબીજાની સહાયતા કરવી જોઈએ. આપણા પરિવારોમ્ાં એકતા, પ્રેમ-પ્રાર્થના આ સર્વ ફક્ત નાતાલના સમયે નહી પરંતુ આજીવન તેને અલમમાં લેવું જોઈએ. અપંગ, લાચાર, ગરીબની સહાયતા કરવી જોઈએ. નાતાલ દરેકના જીવનમાં ખુશી લઈને આવે કારણ કે

**Joy is Christmas**

**Christmas is Joy**

ઠંડીના આ વાતાવરણમાં પાછો આવ્યો મોસમ ખુશી અને પ્રેમનો પાછો આવ્યો મોસમ ઘર સજાવટનો, પાછો આવ્યો મોસમ કેક-પકવાન બનાવવાનો, પાછો આવ્યો મોસમ આપણી ભૂલો માટે પશ્ચાતાપ કરવાનો, પાછો આવ્યો મોસમ ઈસુના સ્વાગતનો એટલે કે નાતાલ.

મારા પ્રિય ભાઈઓ અને બહેનો સગા-સંબંધીઓ આ મોસમ ને આપણે ક્યારેય જવા ન દઈએ કારણ કે નાતાલ ખુશીઓનો ભંડાર છે. આપણા હૃદયના દ્વાર ખુલ્લા રાખીએ કારણ કે ઈશ્વર હંમેશા તેમાં વાસ કરે છે. આજ આપણી હાર્દિક ઈચ્છા છે. નાતાલની ખુશી દરેક અમીર-ગરીબ, વૃદ્ધ, લાચાર સર્વના મનમાં કાયમ રહે.

સર્વને નાતાલ અને નવા વર્ષની શુભકામના. નવું વર્ષ આપણામાં રહે નવી ઉમંગ, નવી ખુશીઓ લઈને આવે એવી આશી રાખીએ છીએ.

*Merry Christmas*
*and*
*Happy New Year*

KAYCEE KI
pla
BRISK
RGK MARQUARDT
MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL
select
BOHMEN
HIKSON
CE
ETI
UPGREEN CORPORATION
ELMECO
ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com ⁙ www.modyelectrotraders.com

મનીષા બિમીશ શાહ (ઉજળાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# શિયાળો અને જીંદગી

✍ યોગેશ રમણલાલ પરીખ (જુનાગઢવાળા) (સંકલન)

શિયાળામાં લોહી વહેતું રાખે
એ માટે એક તાપણું જોઈએ,
અને
લાગણી વહેતી રાખે
એ માટે એક આપણું જોઈએ.
જેને ગમ્યો એમણે ધૂપ કહી દીધો મને,
ના ગમ્યો જેને ધુમાડો કહી ગયા મને !
પ્રભુને મળવા ગયો,
ને રસ્તો ભૂલી ગયો,
માણસ તો બનવા ગયો,
પણ પ્રેમ ભૂલી ગયો,
પરિવાર ને પામવા ગયો
ત્યાં ખુદ ને ભૂલી ગયો,
પૈસા ને પામવા ગયો,
તો પરિવારને ભૂલી ગયો.
જિંદગીની દોડમાં હું ઉંમર ભૂલી ગયો,
અને ઉંમર યાદ આવી
ત્યારે હું જીવન ભૂલી ગયો....
કોઈકની ખામી શોધવા વાળા માખી જેવા હોય છે સાહેબ....
જે આખું સુંદર શરીર છોડીને
ઘાવ ઉપર બેસતા હોય છે....
મારી સાથે બેસીને...
સમય પણ રડયો એક દિવસ
બોલ્યો
તું મસ્ત વ્યક્તિ છે...
હું ખરાબ ચાલી રહ્યો છું...
શું વેંચીને તને ખરીદું 'જિંદગી'
મારુ તો બધુ જ ગીરવે પડયું છે
જવાબદારીના બજારમાં....
દિલનો નેક છું સાહેબ
'શરારત' કરું છું સૌની સાથે
પણ 'સાજીસ' નહિ
સ્વાદ અલગ છે મારા શબ્દનો...
ઘણા ને સમજાતો નથી...
તો ઘણા થી ભૂલાતો નથી.
રોજ સાંજે...
સુરજ નહિ...
પણ....
આ અણમોલ જિંદગી
ઢળતી જાય છે...
આંસુને ક્યાં હોય છે કોઈ વાણી....
સમજો તો મોતી ન સમજો તો પાણી....
સહન કરવાની આવડત હોય તો મુસીબતમાંય રાહત છે.
હૃદય જો ભોગવી જાણે તો દુઃખ પણ એક દોલત છે.
એકાંત ને ઓગાળી ઓગાળી તેમા વ્યસ્ત રહુ છું
માણસ છું મુરઝાઉ છુ તોયે મસ્ત રહું છું...
આંખોમાં વસનારા જ રડાવી જાય છે...
દસ્તુર તો જુઓ આ દુનિયાનો પોતાના મો ચડાવી બેઠા
ને પારકા હસાવી જાય છે....
મા-બાપનો વારસો સંભાળો
એને સંસ્કાર ના કહેવાય,
પણ વારસાની સાથે મા-બાપને સંભાળો તો સંસ્કારી કહેવાય.
ફિક્કા ચહેરાઓની,
ડૉક્ટરે લોહીની તપાસ કરાવી..
રિપોર્ટમાં આવ્યું,
સંબંધોની ઉણપ છે...
મગજ ક્યારેય સીધું ચાલતું નથી,
અને હૃદયને આડુ ચાલતા આવડતું નથી,
સરવાળે..
મગજવાળા,
હૃદયવાળાની ભરપૂર મઝા લે છે.
'જે માંગો એ મળી જાય એ શક્ય નથી,
જિંદગી છે આ બાપાનું ઘર નથી...
જિંદગીના છેલ્લા દિવસે પણ મોજ થઈ શકે,
પણ ખબર ના પડવી જોઈએ કે આજ છેલ્લો દિવસ છે...
ખબર છે કે મારું કશું પણ નથી
છતાં છોડવાનું ગજું પણ નથી.

# મધ

✍ તંત્રી મંડળ તરફથી

મધમાખીઓની અગત્યની જાતિઓ અને તેનું મહત્વ છે.

મધમાખીઓના પ્રકાર પણ અલગ અલગ છે, જેમ કે ભારતીય મધમાખી, ડાળી મધમાખી, ઈટાલિયન મધમાખી, ગુસ્યુ મધ.

દુનિયમાં આશરે ૧૦૦ થી ૪૦૦ વર્ષ પહેલા એપિસ જાતની મધમાખી વિકસેલ હતી. આ મધમાખીઓમાં સાત જુદી જુદી પ્રજાતિઓ જોવા મળે છે. જેમાંથી ચાર મુખ્ય અને ત્રણ ગૌણ જાતિ છે. ચાર મુખ્ય જાતમાં બે પાલતુ અને બે જંગલી છે. ભારત એક એવો દેશ છે કે જ્યાં ત્રણ પ્રકારની પ્રજાતીઓ હતી અને ચોથી યુરોપના દેશમાંથી આયાત કરવામાં આવેલ હતી. મધમાખીની એપીસ (Apis) જાતિમાં ચાર પ્રજાતીઓ મુખ્ય છે. જેવી કે ઈટાલીયન મધમાખી (Apis Mellifera Linnaeus), ભારતીય મધમાખી (Apis Cerena Indica Fabricious), ભમરિયું મધ (Apis Dorsata Fabricious) અને ડાળી મધ (Apis Floria Fabricious), જ્યારે ગુસ્યું મધ (Trigona Spp.) એનો મેલિપોનિડી (Meliponidae) કૂળમાં સમાવેશ થાય છે. મધમાખી બીજા પ્રાણીઓની જેમ જ ગુસ્સાવાળી હોય છે. આ વિવિધ મધમાખીઓની પ્રજાતીઓમાંથી ઈટાલીયન મધમાખી અને ભારતીય મધમાખી સરળતાથી લાકડાની પેટીમાં ઉછેરી શકાય છે. આથી તેમને હાઈવ બી કહે છે. તેમની વધારે પડતી મધ ઉત્પાદનની ક્ષમતાને કારણે તે મધમાખીના ઉછેરમાં અગ્રિમતા આપવામાં આવે છે. આથી વિરુદ્ધ ભમરિયુ મધ, ડાળી મધ અને ગુસ્યુ મધને સરળતાથી પેટીમાં ઉછેરી શકાતી નથી. તેમને જંગલી માખી તરીકે ઓળખવામાં આવે છે.

ભારતમાં થતી મધમાખીઓમાં સૌથી મોટી છે તેને સ્થાનીક ભાષામાં સારંગ માખી તરીકે ઓળખવામાં આવે છે. આ મધમાખી મુખ્યત્વે ઉષ્ણકટિબંધ અને સમઉષ્ણકટિબંધ આબોહવા જેવા કે એશિયા, સુમાત્રા, જાવા, ફિલિપાઈન્સ અને બીજા એશિયાઈ ટાપુઓમાં જોવા મળે છે. આ મધમાખી એશિયા ખંડની બહારના વિસ્તારોમાં જોવી મળતી નથી. સપાટ મેદાનો તેમજ પહાડી પ્રદેશ ૧૨૦૦ મીટર ઉંચાઈ સુધી જોવા મળે છે. સ્વભાવે ખુબ ક્રોધી હોવાથી જલ્દી છંછેડાઈ જઈ અને ડંખ મારે છે. તેમજ છંછેડવામાં આવે તો તે તેના દુશ્મન ઉપર દૂર સુધી પાછળ પડીને હુમલો ચાલુ રાખે છે. તે સ્થળાંતર કરવાની વૃત્તિવાળી છે. તેના ડંખથી માણસનું મૃત્યુ પણ થઈ શકે છે. ઉંચા વૃક્ષો, મોટા મકાનોની દિવાલો કે છાજલીઓ ઉપર, પાણીની ઉંચી ટાંકીઓની નીચે કે મોટા ટાવરોની નીચે મધપૂડો બનાવે છે. મધપૂડો ૧૦૦ થી ૩૦૦ સે.મી. લાંબો અને ૬૦ થી ૧૨૦ સે.મી. પહોળો હોય છે.

એક પૂડામાંથી દર વર્ષે ૨૫ થી ૧૦૦ કિલો મધ મળે છે. આ માખીના સ્વભાવને લીધે ઘરગુથ્થુ અને વ્યાપારી ધોરણે ઉછેરવી શક્ય નથી. આ પ્રજાતીની માખીઓ સ્થાન બદલતી રહેતી હોય છે. પરીણામે તેને મધપેટીમાં ઉછેરી શકાતી નથી. તે ૫ થી ૮ કિ.મિ. દૂર થી પણ ફૂલોનો રસ અને પરાગરજ લાવે છે. ખોરાકની અછત અને વધુ તાપમાન હોય તો તે અનુકૂળ સ્થળે સ્થળાંતર કરે છે. આપણા દેશમાં ૬૦ થી ૭૦ ટકા મધ આ પ્રજાતીમાંથી મળે છે. આ મધમાખીઓની સારી વસાહતમાં ૬૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ મજુરોની

સંખ્યા હોય છે. ૫૦ થી ૧૦૦ મીટર દૂર થી માણસ આવતો હોય તો પણ તે જાણી શકે છે. આ જાતિની એક જ માખી ૫૦૦૦ માખીઓને સતેજ કરી શકે છે. તેને છંછેડવામાં આવે તો બીજી બધી જ પ્રવૃત્તીઓ છોડી દુશ્મન પર હુમલો કરે છે. એક માખી માણસને ડંખ માર્યા પછી તેની ગંધ છોડે છે. જેથી બીજી બધી માખીઓ દુશ્મનને ઓળખી જાય છે અને એક સાથે તેના પર હુમલો કરે છે. આ માખીઓ કરડવાથી ઘણી વખત માણસનું મૃત્યુ પણ થાય છે.

**ડાળી મધમાખી :**

ડાળી મધમાખી (એપીસ ફ્લોરીયા) એ મધમાખીઓની મુખ્ય જાતિઓ સૌથી નાના કદની મધમાખી છે. તે સ્થાન પરિવર્તન કરતી રહે છે અને ૫-૬ મહિના કરતા વધુ એક સ્થાન પર રહેતી નથી. તે અન્ય પ્રજાતીની મધમાખી કરતાં વધુ તાપમાન (૫૦ સે.) સહન કરી શકે છે. તેની મધ ઉત્પાદન ક્ષમતા ખૂબ જ ઓછી છે પરંતુ તે ફલનીકરણમાં અગત્યનો ભાગ ભજવે છે. આ મધમાખીઓ મહત્વની પરાગ વાહક છે.

**ઈટાલિયન મધમાખી**

મધમાખીની આ જાતિ સૌથી વધારે વિસ્તારમાં પ્રસરેલ અને ઉછેર માટે સૌથી વધારે મહત્વની છે. મધમાખીની આ જાતિઓમાં મધ આપતી જાતિ ઈટાલિયન મધમાખી છે. વધારામાં આ જાતિની વાતાવરણમાં ભળવાની ક્ષમતા અદભૂત છે. આ મધમાખીઓ કદમાં ભંમરિયા મધ કરતાં નાની અને સાતપૂડિયા મધ કરતાં મોટી, રંગે ભુરી અને સ્વભાવે નમ્ર હોય છે. ખૂબ જ પ્રમાણમાં મધ ભેગું કરવાની ક્ષમતા ધરાવે છે. મધ એકઠું કરવા ખૂબ જ દૂર સુધી વારંવાર જાય છે. લાકડાની પેટી બનાવી તેનો ઉછેર કરવો અનુકૂળ છે. વર્ષમાં એક પુડામાંથી સરેરાશ ૩૦ કિલો અને વધારેમાં વધારે ૭૦ કિલો જેટલું મધ મળે છે અને મધની ગુણવત્તા પણ સારી હોય છે. હાલમાં આ જાતિની માખીઓનો ઉછેર વ્યાપારી ધોરણે સારી રીતે વિકસેલ છે. આ મધમાખીનો ડંખ વધુ પીડા દાયક હોતો નથી. ભારતીય મધમાખી કરતા વધુ મધ એકઠું કરે છે. આ પ્રજાતિની મધમાખીઓને પણ ભારતીય મધમાખીની જેમ જ અંધારુ વધુ પસંદ છે. દરેક પ્રકારના વાતાવરણમાં તે અનુકૂળતા કેળવી લે છે. આખી દુનિયાના મોટા ભાગના દેશોમાં તે જોવા મળે છે. તે પોતાની વસાહત વારંવાર બદલતી નથી. માટે પેટીઓમાં તેને ઉછેરી શકાય છે. તે ખૂબ જ પ્રમાણમાં મધ એકઠું કરતી હોવાથી મોટાભાગે આ મધમાખીઓને ઉછેરવાનું પસંદ કરવામાં આવે છે.

**ગુસ્ય મધ :**

આ માખી નાની ડંખ વગરની હોય છે. જે દિવાલ ઉપર કે ઝાડની બખોલમાં નાના ગોળ મધપૂડા બાંધે છે. જેમાંથી ખૂબ જ ઓછુ મધ મળે છે. ગુસ્યા માખી પ્રમાણમાં નાના કદની ત્રીકોણાકાર અને લાંબી પાંખો ધરાવતી હોય છે. ગુસ્યા મધમાખીની ગૃહ વ્યવસ્થા અન્ય પ્રકારની મધમાખી જેવી જ હોય છે. તેમની એક વસાહતમાં ફક્ત એક જ રાણી તરીકે પરિપકવ માદા હોય છે. ૯૦ ટકા જેટલા મજુર/કામદારો (જે અપરિપકવ હોય છે) અને ૫ થી ૧૦ ટકાનાં પ્રમાણમાં નર/ડ્રોન હોય છે. જે નવી વસાહત બનવાની હોય ત્યારે જ અફલિત ઈંડમાંથી વિકાસ પામતા હોય છે. રાણી સોનેરી બદામી રંગની અણીદાર ઉદરવાળી અને લગભગ ૧૦ મિ.મિ. લાંબી હોય છે. રાણી પોતાનાં શરીરમાંથી એક ચોક્કસ પ્રકારનું રસાયણ ઝરણ કરે છે, જે વસાહત વ્યવસ્થા જાળવવામાં મહત્વનો ભાગ ભજવે છે. તે ફક્ત ઈંડા મુકવાનું કામ કરે છે. કર્મચારી માખીઓ

૪ મિ.મિ. જેટલા કદની હોય છે. તેઓ સામાન્ય રીતે નાના ફૂલોમાંથી પરાગરજ અને મધુરસ શોધીને એકઠો કરવાનું, રાણીની તહેનાતમાં રહેવાનું, મધપૂડો બનાવવાનું, ઈયળ કે ખોરાક પુરો પાડવાનું વગેરે કાર્યો કરે છે. વસાહતની યુવાન માખીઓ પરિચારીકા (નર્સ) તરીકેનું કામ કરે છે. મજુર/કામદાર માખીના ઉદર પ્રદેશની નીચેની તરણ મીણગ્રંથીઓ હોય છે. જેમાંથી મીણ ઝરે છે. કામદાર માખીઓ તેમના પાછળના પગ ઉપર આવેલી પરાગ ટોપલી (પોલન બાસ્કેટ) અને પરાગ બ્રશની મદદથી પરાગ ભેગા કરી પેડામાં ખોરાક માટે સંગ્રહ કરે છે. આ ઉપરાંત જુદી જુદી વનસ્પતિમાંથી રેઝિન (જેને રાળ અથવા ડમ્મર કહે છે) એકઠું કરે છે અને પરાગ ટોપલીમાં દાણ સ્વરૂપે ભરીને પૂડામાં લાવે છે. રેઝિનમાંથી પ્રોપોલીસ નામનો પદાર્થ બનાવે છે. જેને મીણ સાથે ભેળવીને સેરૂમેન નામનો પદાર્થ બનાવે છે. કર્મચારી માખીઓ સેરૂમેન અથવા રેઝિન ભીની માટી અને ઘણી વખત પ્રાણીઓની હગાર અને વનસ્પતિના ટુકડાઓનું મીશ્રણ કરીને બેટુમેન નામનો ખાસ પ્રકારનો પદાર્થ પણ બનાવે છે. ગુસ્યા મધમાખી આ પદાર્થનો ઉપયોગ કરીને તેમના પુડા અથવા માળા બનાવે છે. જ્યારે અન્ય પ્રકારની માખીના પુડા ફક્ત મીણના બનેલા હોય છે. આ મધમાખીઓ દ્વારા તૈયાર થતા મધમાં ઔષધીય ગુણ વધારે હોય છે.

મધ ઉત્તમ કફનાશક છે. એક વર્ષ જુનું મધ મેદ-ચરબીનો નાશ કરે છે. શ્વાસ-દમ, શરીદ, ક્ષય, ઉધરસ જેવા કફના રોગોમાં મધ ખુબ જ હીતાવહ છે. મધ અરુચી દુર કરે છે. એ ત્રીદોષહર છે. હેડકી, શ્વાસ, ઉધરસ, ઝાડા, ઉલટી, તરસ-શોષ, રક્તપીત્ત, કૃમી, પ્રમેહ, મુર્છા, થાક, બળતરા તથા ક્ષતને દુર કરે છે. નવું મધ સારક એટલે મળને સરકાવનાર તથા કંઈક અંશે કફકારક છે. જ્યારે જુનું મધ કફનાશક, ગ્રાહી-મળને રોકનાર, રુક્ષ મેદ દુર કરનાર તથા અતી લેખન-દોષોને બહાર કાઢનાર છે. ઘી અને મધ સરખા પ્રમાણમાં લેવાં નહીં. કફમાં મધ બમણું અને વાતમાં ઘી બમણું લેવું. તે જ પ્રમાણે મધ ગરમ કરીને કે ગરમાગરમ ખાદ્ય સાથે લઈ શકાય નહીં. મધમાં શર્કરાનું પ્રમાણ વિશેષ હોવાથી ડાયાબીટીસમાં હીતાવહ નથી. મધ વધુ પ્રમાણમાં લેવું પણ નુકશાનકારક બની શકે. વજન ઘટાડવા માટે એક ગ્લાસમાં ઠંડા પાણીમાં બે ચમચી મધ સવારમાં પીવુ. સવારે બીજું કંઈ ખાવું નહીં. ખાંડ, ગોળ, બટાટા, ભાત, તળેલું, મીઠાઈ, ઘી, તેલ, માખણ બંધ કરવાં. મધ આંખમાં આજંવાથી આંખ નિર્મળ બને છે અને દ્રષ્ટિ શક્તી વધારે છે. સ્વર માટે પણ મધ હીતકારી છે. મધ હૃદયને પ્રીય અને લાભકારક છે. મધમાં કામશક્તિ વધારવાનો ગુણ છે. મધ ઘા શુદ્ધ કરી રુઝ લાવે છે. મધમાં ભેજ શોષી લેવાનો ગુણ છે આથી એ જીવાણુનાશક છે. મધમાં ટાઈફોઈડના જીવાણુઓ ૪૮ કલાકમાં અને મરડાના જીવાણુઓ ૧૦ કલાકમાં નાશ પામે છે. તંદુરસ્ત અને દીર્ઘજીવન ઈચ્છતા લોકોએ મધનું નિયમીત સેવન કરવું જોઈએ. તંદુરસ્ત રહેવા ઈચ્છતી વ્યક્તિએ દરરોજ બે ચમચી મધ અને બે ચમચી લીંબુનો રસ મીક્સ કરી સેવન કરવું જોઈએ.

**મધ સાચુ છે કે બનાવટી તેને પારખવા માટે નીચે જણાવેલી ચાર કસોટીઓ પ્રચલીત છે.**

(૧) જો એમાં પડેલી માખી બહાર નીકળી આવે અને થોડીવારમાં ઉડી શકે તો એ સાચું મધ.

(૨) મધમાં રૂ ની વાટ પલાળી એને સળગાવવાથી અવાજ વગર બળે તો પણ એ સાચું હોઈ શકે.

(૩) સાચા મધનું ટીપું પાણીમાં નાખવાથી એ તળીયે બેસી જાય છે.

(૪) સાચું મધ કુતરાં ખાતાં નથી.

## મધના ફાયદા

(૧) રાત્રે એક ચમચી મધ પાણી સાથે લેવાથી સારી ઉંઘ આવે છે, પેટ સાફ આવે છે.

(૨) નરણે કોઠે મધ-લીંબુના શરબતથી ભુખ ઉઘડે છે.

(૩) મધ જીવાણુઓનો નાશ કરે છે. ક્ષય અને ડાઈફોઈડના દર્દીઓ માટે ઉત્તમ છે.

(૪) હજારો વર્ષ સુધી મધ બગડતું નથી. બાળકોના વિકાસમાં મધ ઉપયોગી છે. જો બાળકને શરૂઆતના નવ માસ સુધી મધ આપવામાં આવે તો તેને છાતીના રોગ ક્યારેય નહીં થાય.

(૫) મધથી આંતરડાને ઉપયોગી એવા એસીકોકલીસ જીવાણુઓની વૃદ્ધિ થાય છે.

(૬) દુર્બળ અને સગર્ભા સ્ત્રી માટે મધ શ્રેષ્ઠ પોષક આહાર છે.

(૭) મધ દીર્ધાયુ બક્ષે છે. મધથી વીર્યની તથા લોહીના રક્તકણોની વૃદ્ધિ થાય છે. ગર્ભવતી અને પ્રસુતાએ બાળકના હીતાર્થે મધ લેવું જોઈએ.

(૮) મધ ઉત્તમ સ્વાસ્થ્યવર્ધક છે. તે શરીરના રંગને નીખારવાનું અને ચામડીને કોમળ બનાવવાનું કામ કરે છે.

(૯) ચહેરા અને શરીર પર મધ ઘસવાથી સૌંદર્ય અક્ષય બને છે. સારા સાબુઓમાં મધનો ઉપયોગ થાય છે.

(૧૦) મધ, લીંબુ અને ચણાનો લોટ પાણીમાં મીક્સ કરી ચહેરા પર ઘસી સ્નાન કરવાથી ચહેરો આકર્ષક અને સુંદર બને છે.

(૧૧) મધના સેવનથી કંઠ મધુર અને સુરીલો બને છે.

(૧૨) મધ દુર્બળતા, દમ, અપચો, કબજીયાત, કફ, ખાંસી, વીર્યદોષ, અનીદ્રા, થાક, વાયુવીકાર તથા અન્ય ઘણા રોગોમાં અચુક દવા છે.

(૧૩) ધારોષ્ણ દુધ અને ફળોના રસમાં મધ લઈ શકાય. મધ ઠડાં પાણીમાં લેવું હંમેશા હીતાવહ છે. મધ ગરમ કરવું નહીં.

(૧૪) કમળ-કાકડી, મુળા, માંસ સાથે મધ લઈ ન શકાય.

(૧૫) વરસાદનું પાણી તથા ઘી, તેલ વગેરે ચરબીયુક્ત પદાર્થો સાથે મધ સમ માત્રામાં લેવું વીષ સમાન છે.

(૧૬) મધ સવાર-સાંજ ગરમ પાણી સાથે લેવામાં આવે તો શરીરનો મેદ-સ્થુળતા ઘટી વજન ઉતારે છે. જ્યારે મધને સવાર-સાંજ હુંફાળા દુધ સાથે લેવામાં આવે તો શરીરનું વજન વધે છે.

(૧૭) તંદુરસ્ત રહેવા માટે મધનું સેવન અનીવાર્ય છે. અમેરીકામાં હાથ ધરાયેલા એક વીસ્તૃત સંશોધનમાં જણાવવામાં આવ્યું હતું કે મધ લોહીનું શુધ્ધીકરણ કરવા ઉપરાંત શરીરને સ્ફુર્તીલું રાખે છે. દરરોજ સવારે એક ચમચી મધનું સેવન આખો દિવસ શરીરને સ્ફુર્તી પુરી પાડે છે. લગભગ ૧૦૦ સ્ત્રી-પુરુષો પર હાથ ધરાયેલા સંશોધન બાદ ઉક્ત અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. બધાં જ સો એ સો જણ પર મધની હકારાત્મક અસર જોવા મળી હતી.

✪✪✪

**સુખ કેમ મેળવવવું એનું ભણતર છે પણ, દુઃખ કેમ જીરવું એનું ક્યાંય ગણતર નથી.....**

**સુખના મકાનના ચાર સ્તંભ 'સરળતા', 'સ્પષ્ટતા', 'સ્નેહ' અને 'સમજદારી'**

# ઊંબાડિયું

✍ તંત્રી મંડળ તરફથી

મુંબઈથી સુરત અથવા વલસાડથી ધરમપુર જતા રોડના કિનારે અનેક નાની ટપરીઓ કે ધાબાઓ પર ખેતરના તાજા લીલા શાકને માટલામાં ભરીને બનાવેલું ગરમા ગરમ ઊંબાડિયું મળી જશે.

ઈનડાયરેક્ટ આગમાં શેકાયેલા શાક પર ઉપર મહુવાનું તેલ રેડીને અને શીતળ શેરડીના રસ સાથે માણવાની મજા જ કંઈક ઔર છે.

શિયાળો આવે એટલે મુંબઈગરાઓ ખાસ ગાડી કરીને સુરત તરફ ફરવા નીકળે. ઊંબાડિયું અને ઊંધિયું તેમ જ પોંક, પોંકના ભજિયાં ના ખાધાં તેને શિયાળો ફોગટ ગયો એમ કહી શકાય. દક્ષિણ ગુજરાતમાં સુરતનું ઊંધિયું એટલું ફેમસ છે કે શિયાળો આવતાં ગુજરાત અને મિની ગુજરાત જ્યાં વસે છે એ મુંબઈમાં ઠેર ઠેર સ્વાદિષ્ટ સુરતી ઊંધિયું મળશે એવાં બોર્ડ લાગી જાય. કેટલાંક મહિલા મંડળો ઊંધિયું બનાવવાની સ્પર્ધા પણ રાખે. હેલ્ધી ઊંધિયું પણ હવે લોકો બનાવે છે, પણ ઊંધિયું ખાવાની મજા જ એ છે કે એ તેલમાં તરબતર હોય અને એમાં કતાર ગામની પાપડી નાખી હોય. સુરતી પાપડી અને કતારગામની પાપડીમાં ફરક છે. કતારગામની પાપડી સુંવાળી, નાનકડી અને જોતાં જ એના પ્રેમમાં પડી જવાય એવી હોય. સુરતી ઊંધિયું કતારગામની પાપડી, લીલી તુવેર, મુઠિયાં, રીંગણ, કેળા, રતાળુ, લીલું લસણ,લીલું કોપરું અને કોથમીર તેમજ ભારોભાર તેલ વગર ન ખાધું તો એ ઊંધિયું નહીં.

ઊંધિયું તમે ઘેર બનાવી શકો, પણ ઊંબાડિયુંખાવા તો વલસાડ જ જવું પડે. એ માહોલ અને હવા, પાણી સિવાય એનો સ્વાદ ઘરમાં આવી જ શકે નહીં. વળી એને પેક કરીને ઘરે લઈ જવાય પણ એમાં એ સ્વાદ તો નહીં જ આવે. તાજું તરતનું માટલામાંથી કાઢીને ખાઓ અને ઘરે લઈ જઈને ખાઓ તો સ્વાદમાં આસમાન-જમીનનો ફરક પડે છે. એટલે પાર્સલ ન મંગાવશો અને લઈ ન જશો એવી સલાહ છે, પણ પછી તમારી મરજી.

વલસાડથી ધરમપૂર અને સુરત જતા દરેક રસ્તા પર ઠેર-ઠેર ‘ઊંબાડિયું મળશે’ એમ સફેદ કાપડ પર લાલ અક્ષરે લખાયેલા શબ્દો તમને જોવા મળશે. હવે તો બોર્ડ પણ લગાવાય છે. તમે બાય રોડ જો દક્ષિણ ગુજરાતમાં પ્રવાસ કરો તો તમને દર કિલોમીટરે રસ્તાની ધારે આ કપડાં બાંધેલી નાની છાપરીઓની બહાર ‘સ્વાદિષ્ટ ઊંબાડિયું મળશે’ એવું દેખાશે.

આ ઉબડિયું એટલે ઊંધિયું નહીં પણ ઊંધિયાની શોધ આના પરથી જ થઈ હશે. આ ઉબડિયું ફક્ત શિયાળામાં દિવાળીના દિવસોથી જ્યારે પાપડી (સુરતી નાની પાપડી જેવી પણ સાઈઝમાં જરાક જુદી) ની સીઝન આવે ત્યારે થાય. આ ઉબડિયુંનો સ્વાદ ઈટાલિયન વાનગી જેવો લાગશે. ખરેખર જો ઉબડિયું ઈટાલિયનને ખવડાવવામાં આવે તો તેને ચોક્કસ જ ભાવે. આવો સ્વાદ લાગવાનું કારણ છે કલારનાં પાન, ત્યાંના આદિવાસીઓ પાપડી તેમના જ ખેતરના શેઢે ઊગેલી (આ પાપડી સુરતી પાપડી કરતાં જરા મોટી અને જાડી હોય) તુવેર, શક્કરિયાં, કંદ, બટાટા, ક્યારેક કોઈક રીંગણાં નાખે. જો તાજું ખાવાનું હોય તો રીંગણાં નાખેલું બનાવીને ખવાય. આ બધાં શાકને ધોઈને આખાં જ રાખવામાં આવે. લીલું લસણ, કોથમીર, આદું-મરચાં અને મીઠું નાખી મસાલો બનાવીને શાકમાં ભેળવી દેવાય. પછી એક માટીના માટલામાં કલારનાં પાનને પાથરે અથવા તો એનાથી માટલાનું મોઢું બંધ કરે. આ કલારનાં પાન એ વિસ્તારમાં સહજતાથી ઊગી નીકળતાં હોય છે. પછી એને ખાડામાં ઊંધું મૂકીને ચારે બાજુથી તાપ આપીને શેકવા મુકાય. કલાક-બે કલાકે એને કાઢી માટલામાંથી શાક ડિશમાં લઈને એના પર આછું તેલ રેડાય અને બસ, એને

ગરમાગરમ ખાઓ. મોઢામાં મૂકતાં જ હર્બનો સ્વાદ, લસણ, આદું-મરચાં અને બાફેલું તાજું શાક.... અદ્ભૂત આસ્વાદ આવે. કલારનાં પાનની ટિપિકલ સ્ટ્રોંગ તીખી જેવી સુંગધ હોય છે. એમાં બાફતાં એ સુગંધનો સ્વાદ શાકમાં ભળી જાય છે. હવે ત્યાં પણ સાથે લીલી ચટણી આપવાનો રિવાજ શરૂ થયો છે. લીલું લસણ, કોથમીર, આદું અને મરચાં, લીંબુ નાખીને બનાવેલી ચટણી ઊંબાડિયામાં સ્વાદ પૂરે. તીખી પણ હોય એટલે તીખું ખાઈ શકો તો જ ખાવી. ઊંબાડિયામાં તળેલું કશું જ ન હોય અને મસાલા પણ તાજા હોય જે શિયાળામાં તમને ગરમાટો આપી જાય છે. આમ તો આ ઊંબાડિયામાં લોકો શિંગતેલ જ નાખે છે, પણ ખાવા માટે ગામની અંદર ઈન્ટિરિયમાં જો જાઓ કે ખૂબ ઓળખાણ હોય અને ક્યાંકથી મહુડાનું તેલ મળે તો આ આખીય વાનગી કૉન્ટિનેન્ટલ સ્વાદવાળી બની જાય છે. મહુડાના તેલની પોતાની ગંધ હોય છે. ઑલિવ ઑઈલ કેવું હોય છે એમ મહુડાની પોતાની લાક્ષણિકતાઓ હોય છે. આ મહુડાનું તેલ આદિવાસીઓ સીઝનમાં કાઢીને વાપરતા હોય છે પણ અફસોસ, તમને અહીં કશે પણ મહુડાનું તેલ નહીં મળે. કેટલીક જગ્યાએ તમને ઊંબાડિયા સાથે શેરડીનો રસ પણ મળી શકશે. શેરડી શિયાળામાં જ થાય એટલે તાજી ખેતરમાં થયેલી શેરડી એમાં ભારોભાર લીંબુ, આદુ અને મસાલો નાખેલા શેરડીના રસના બે ગ્લાસ તો આરામથી ગટગટાવી જવાય. મુંબઈમાં મળતા શેરડીના રસ સાથે એની સરખામણી ન થઈ સકે. સાથે ઊંબાડિયું ખાઓ..... ખાવાના શોખીન માટે આદિવાસી ઊંબાડિયું ખાવું જરૂરી બની જાય છે. હવે શિયાળો આવે છે ત્યારે શહેરી ઊંધિયાની વાતો થશે, પણ આ ઊંબાડિયું અમે ધરમપુર રોડ પર ખાધું. સ્વાદિષ્ટ એવું લાગ્યું કે આંગળી ચીંધ્યા વગર ન રહી શકાયું, કારણ કે રસ્તા પર ઊભા રહીને ખાવું એ પણ સાવ કશું જ ન જણાતું હોય એવી ટેમ્પરરી છાપરી પર કાર ઊભી રાખવાની આદત ન હોયને! પણ કંઈક નવું ચાખવા રસ્તા પર ખાતાં અચકાવું નહી. અને હા, ધરમપુર રોડ પર તો જૈન એટલે કે લસણ વિનાનું ઊંબાડિયું બનાવનારા પણ મળી શકશે. જોકે જૈનો માફ કરે, પણ ઊંધિયું અને ઊંબાડિયું તો લસણ વિના ઊણાં જ ઊતરે.

**ઊંબાડિયાનો અર્થ શું ?**

સાર્થ જોડકણીકોશમાં ઉબડીયું શબ્દ ઊંધિયું માટે છે. પણ ઊંબાડિયું બોલાતું હોય છે. અને એનો અર્થ થાય છે ખોરિયા કરવાં, નકામું લાકડું કે સળી હાથમાં લઈ લગાડવી કે તોફાન કરવું, નકામું ધૂળ કરવું. ઊંબાડિયાં કરવાના અર્થમાં આ વાક્યપ્રયોગ થતો હોય છે. રસ્તા પર આવતાં આ લલચામણાં પોસ્ટરોની જોડણીઓ સાચી હોય એ જરૂરી નથી.

ઊંબાડિયું ખાવા કાર લઈને હાઈવે પર જ જવું પડે હોં.....!

✪✪✪

**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

**ઘર : ૦૨૨-૨૮૯૦૪૧૦૩**

# બાજરો કે બાજરી

✍ તંત્રી મંડળ તરફથી

**(અંગ્રેજી–Pearl Millet,**

**વૈજ્ઞાનિક નામ : Pennisetum Glaucum)**

બાજરી જે મુખ્યત્વે આફ્રિકા અને ભારતીય ઉપખંડમાં થાય છે. સામાન્ય પણે એ સ્વીકારવામાં આવેલું છે કે બાજરાની આ જાત આફ્રિકામાં ઉત્પન્ન થયેલી અને ત્યાંથી ભારતમાં આવી. અગાઉના પુરાતન્ય દસ્તાવેજો અનુસાર ઈ.પૂ. ૨૦૦૦ માં બાજરાની આ જાત ભારતમાં આવી હશે. તેના મૂળ ઉષ્ણકટિબંધીય આફ્રિકામાં મળે છે. આ પાક માટે તેનું કેન્દ્ર પશ્ચિમ આફ્રિકાના 'સાહેલ' વિસ્તાર ગણાતું હતું. પછીથી દક્ષિણ અને પૂર્વ આફ્રિકામાં અને દક્ષિણ એશિયામાં પણ તેની ખેતી થવા લાગી. યુ.એસ.માં ૧૮૫૦ માં આ જાતનાં બાજરાની ખેતી શરૂ થવાના અને બ્રાઝિલમાં આ પાકનો પરિચય ૧૯૬૦ માં થયાના દસ્તાવેજો મળે છે.

બાજરો સૂકા કે ઓછા પાણીવાળા વિસ્તારોમાં, ઓછી ઉપજાઉ જમીનમાં અને ઉચ્ચ તાપમાનમાં ઉત્પાદન માટે અનુકૂળ છે. વધુ ક્ષારવાળી કે ઓછી પી.એચ. ધરાવતી જમીનમાં પણ તેનું સારું ઉત્પાદન થાય છે. પોતાની પ્રતિકુળ સ્થિતિને સાધવાની પ્રકૃતિને કારણે, તે જ્યાં અન્ય ધાન્ય પાકો, જેવા કે મકાઈ અને ઘઉં ન ઉગી શકે ત્યાં પણ થાય છે. આજે આ બાજરો વિશ્વના લગભગ ૨,૬૦,૦૦૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં ઉગે છે. તેને આફ્રીકા : મહાંગુ (Mahangu), ઓસ્ટ્રેલિયા : બુલરશ મિલેટ (Bulrush Millet), બ્રાઝિલ : મિલ્હેટો (Milheto), યુ. એસ. : કેટટેલ મિલેટ (Cattail Millet), યુરોપ : પર્લ મિલેટ (Pearl Millet) ના નામે ઓળખાય છે.

જ્યાં બાજરો પારંપારિક રીતે ઉગાડવામાં આવે છે ત્યાં તેમાંથી રોટલા, પાઉં, કાંજી, બાફીને ખાવા કે મદિરા બનાવવા માટે તે વપરાય છે. પશ્ચિમ આફ્રિકાના સાહેલ ભાગમાં તેમાંથી 'ફુસ્કસ' નામની વાનગી બનાવવામાં આવે છે. તેનાં ઠૂંઠાનો ઉપયોગ બાંધકામની સામગ્રી તરીકે, બળતણ તરીકે કે ચારા તરીકે થાય છે.

બાજરીમાં ઘણી માત્રામાં પ્રોટીન હોય છે તે પાચક છે અને તે 'પ્રુસ્સિક એસિડ' (Prussic Acid) રહિત છે. તેનો ઉપયોગ ઘોડા, બકરી, ડુક્કર વિગેરે જાનવરોનાં ચારામાં પણ થાય છે. આજકાલ મોટા ભાગના લોકો બાજરાનો ઉપયોગ પક્ષીઓને ખવડાવવા, ખાસ કરીને મરઘાં ઉછેર કેન્દ્ર, બટેર (લેલાં), ટર્કી, તેતર અને જંગલી કબૂતર જેવા લડાકુ પક્ષીઓને ખવડાવવામાં થાય છે. બાજરી ખવડાવવાથી મરઘીના ઈંડામાં 'ઓમેગા ૩' નામના ફેટી એસિડની માત્રા વધુ મળે છે. ઢોર, ડુક્કર અને અમુક કુતરાઓના ખાદ્ય પદાર્થ તરીકે પણ બાજરી વપરાય છે.

તેમાં રહેલી પ્રોટીનની વધુ માત્રા અને ઝડપથી આથો આવવાના લક્ષણને કારણે તેનો ઉપયોગ ઈથેનોલનાં ઉત્પાદનમાં કાચા માલ તરીકે પણ થાય છે. મકાઈ અને ચારો વાપરતાં કારખાનામાં બાજરી પણ તેટલી જ સરળતાથી વાપરી શકાય છે.

બાજરાનાં દાણા યુ.એસ. માં ભારતીય પદાર્થ વેચતી દુકાનોમાં મળે છે. અમેરિકામાં વસતા આફ્રિકનો અને ભારતીય ઉપખંડના લોકોમાં બાજરો પ્રખ્યાત અને પારંપારિક ખાદ્યાન્નનું સ્થાન ધરાવે છે.

બાજરાના દાણામાં અન્ય અનાજની સરખામણીએ પ્રોટીનની માત્રા અધિક હોય છે અને એમિનો એસિડનું સારું સમતોલન હોય છે. તેમાં 'લાયસિન' (Lysine) અને મેથિઓનાઈન + સિસ્ટાઈનની (Methionine + Cystine) ઊંચી માત્રા હોય છે. ઘાસચારાની સરખામણીમાં તેમાં બમણું મેથાઈનાઈન (Methionine) છે જે પ્રાકૃતિક પોલ્ટ્રી ઉત્પાનમાં મહત્વનું છે.

ગમે તેટલા કપરા વાતાવરણમાં ઉગવા છતાં તેના દાણા 'અફ્લાટોક્સિનસ' અને 'ફ્યુમોનિસીન્સ'થી મુક્ત હોય છે.

**'બલિહારી તુજ બાજરા, જેના લાંબા પાન,**
**ઘોડે પાંખું આવીયું, બુઢ્ઢા થયા જવાન.'**

બાજરીના રોટલાના કેટલા બધા ફાયદા છે. તમે પણ ખાવાના ચાલુ કરશો જ્યારે જ્યોતિપુંજનો આ અંક વાંચશો. આજે આપણે વાત કરીશું બાજરીના રોટલાથી થતા ફાયદા વિશે. આજના ફાસ્ટફૂડના જમાનામાં લોકો પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં ખૂબ જ લાપરવાહી કરે છે અમુક વસ્તુઓ ખાવી આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. જો આપણે ખાવામાં સાવચેતી નહીં રાખીએ તો રોગો આપણા સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડી શકે છે.

આમ તો દરેકના ઘરમાં સામાન્ય રીતે ઘઉંના લોટની રોટલી ખવાતી હોય છે. પણ આજે સ્વાસ્થ્યને સારું રાખવા જુદા-જુદા લોટ અને મલ્ટીગ્રેન લોટ ખાવાનું ચલણ વધ્યું છે. આ બધામાં બાજરીના રોટલા ખાવાથી સ્વાસ્થ્યને અનેક ફાયદા મળે છે જેના વિશે ઘણાં લોકો માહિતગાર નહીં હોય. તેમાંથી કેલ્શિયમ, મેગ્નેશિયમ, મેંગ્નીઝ, ફોસ્ફરસ, વિટામિન બી, એન્ટીઓક્સીડેન્ટસ જેવા પોષક તત્વો ભરપૂર પ્રમાણમાં મળી રહે છે. બાજરીના રોટલા પાચનતંત્રને સ્વસ્થ રાખવાની સાથે ગંભીર બીમારીઓ સામે પણ બચાવે છે.

બાજરીના રોટલા હાર્ટના દર્દીઓને રાહત અને શક્તિ આપે છે. તેમાં રહેલું નિયાસિન નામનું વિટામિન કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે. જેનાથી હાર્ટ સંબંધી બીમારી થવાનો ખતરો ઘટે છે. તેમાં રહેલું પોટેશિયમ અને મેગ્નેશિયમ બીપીને કંટ્રોલમાં રાખવામાં મદદ કરે છે. હાડકાંઓ માટે પણ બેસ્ટ છે, બાજરાના રોટલા આમ તો એક પરંપરાગત રાજસ્થાની વાનગી છે, પરંતુ ઉત્તર ભારતમાં પણ લોકો તેને ખૂબ જ ઉત્સાહથી ખાય છે. બાજરી ખાવાના ફાયદા જોઈને, વિશ્વભરના લોકો ઘઉંની જગ્યાએ બાજરીનો ઉપયોગ કરે છે. શિયાળાની ઋતુમાં બાજરીના રોટલા ખાવા ખૂબ જ સારા છે. હાડકાંઓને મજબૂત રાખવા માટે બાજરી બેસ્ટ ઓપ્શન છે. તેમાં ભરપૂર પ્રમાણમાં કેલ્શિયમ હોય છે. જે હાડકાંઓને હેલ્ધી રાખે છે. શિયાળામાં રોજ ખાવાથી તે બોડીમાં કેલ્શિયમની કમી થવા દેતું નથી. જેનાથી ઓસ્ટિયોપોરોસિસ થવાનો ખતરો પણ ઘટે છે.

બાજરીના રોટલા ખાવાથી બોડીને એનર્જી અને તાકાત મળે છે. બાજરીમાં મુખ્ય રીતે સ્ટાર્ચ હોય છે. તે ખાવાથી બોડીને ભરપૂર એનર્જી મળે છે અને શરીર અંદરથી અને બહારથી ઉર્જાવાન રહે છે. બાજરી ખાવાથી કબજિયાત મટે છે. જેમને પણ ડાયાબિટીઝની સમસ્યા છે તેઓ તેમના આહારમાં બાજરીનો સમાવેશ કરે તો તે ડાયાબિટીઝને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. બાજરીમાં ભરપૂર પ્રમાણમાં ફાયબર હોય છે. જે પાચનતંત્રને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે.

બાજરીમાં રહેલાં ગુણ ડાયાબિટીસ ટાઈપ-૧ ના પ્રભાવને રોકે છે. આ સિવાય વજન ઘટાડવામાં પણ બાજરીના રોટલા મદદ કરે છે. તે ખાવાથી લાંબા સમય સુધી પટે ભરેલું રહે છે. જે લોકો વજન ઓછું કરવા માંગે છે તેમણે પણ આહારમાં બાજરીનો રોટલો શામેલ કરવો જોઈએ. આમાં ફાઈબરની માત્રા વધારે હોવાથી તમને ભૂખ ઝડપથી નથી લાગતી.

બાજરીમાં ફાઈબર ભરપૂર હોય છે માટે તેને પચાવવામાં સમય લાગે છે. જેના કારણે તમે ફરીથી જલ્દી જમતાં નથી. આમ તે વજન ઘટાડવામાં મદદ કરે છે.

છેલ્લે આપણા સૌની પસંદ એને તો કેમ ભુલાય બાજરાનો રોટલો, ઘી અને ગોળ, બાજરાનો રોટલો ને રીંગણનો ઓળો કે પછી ઘી-ગોળ-બાજરાના રોટલામાંથી બનાવેલું ચુરમું.... જો આ લખતાં લખતાં જ મારા મોઢામાં તો પાણી છૂટી ગયું..... તો થઈ જાવો તૈયાર મૌસમ પણ છે, દસ્તુર પણ છે અને સાથે સાથે લોકડાઉનના હિસાબે સમય જ સમય છે. ✪✪✪

# વિશેષ વાંચન - ચિંતન - મનન...

✍ રાજેશ કડકીઆ

આપણે સહુ જીવનના વિવિધ રંગોથી સમયાંતર ચીર-પરિચિત થતા રહીએ છીએ. સમગ્ર સૃષ્ટિનો રચયિતા સર્જન-વિસર્જન ઘટમાળ સતત ચાલતો જ રહે છે. જેમ રાત પછી દિવસ, ઉદય તેનો અસ્ત, સુખ પછી દુઃખ આ ઘટમાળ પ્રમાણે સર્જનહાર પણ દિન રાત તેનું કાર્ય પાર પાડી આ સૃષ્ટિને સરભર રાખવાની કોશીષ જરૂરથી કરતો જ રહે છે. દરેક રંગની છાય આપણાં અસ્તીત્વમાં મૂકી જવાની સમયની જૂની આદત છે. આપણાં વ્યસ્ત જીવનમાં જ્યાં ઘણી બધી વસ્તુઓ છીછરી થતી જાય છે તેનું ફરીથી અવલોકન કરી ઉંડાણપૂર્વક અભ્યાસ કરવાનો કુદરતે આપણને મોકો આપ્યો છે. આ અણમોલ સમયને ફ્લેટ-બંગાલનાં ધાબે ઉજાણીઓમાં, અર્ધકચરા વ્હોટસ અપ મેસેજ કે અર્થહીન વાદ-વિવાદમાં આપણી જાતને સમર્પિત કરવાને બદલે આ સમય સંયમથી અધ્યયન કરવાનો છે કેમકે છીછરી સમજણ જીવનમાં સંખ્યાબધ અનર્થો સર્જી રહી છે. બીજી એક શક્યતા એવી પણ ઉદ્ભવી શકે કે આપણાં વ્યસ્ત જીવનમાં આપણી જાતને પ્રયત્ન પૂર્વક વિચારવાનો બીજો મોકો કદાચ નહીં મળે.

છીછરી સમજણ અને કોરોનાની ભેળસેળથી દરેક જગ્યાએ નકારાત્મક ઉર્જાએ ઘર કરી લીધું છે. સંકટની આ પળે એક સકારાત્મક ઉર્જા આપણા અંતરમન સુધી પહોંચે એની તાતી જરૂરત છે. લોકો સારા સાહિત્ય અને સારા સકારાત્મક વિચારોનું સંપાદન કરતી ફિલ્મો તરફ વળે તે અનિવાર્ય છે. પણ દરેક વ્યક્તિઓએ આ કટોકટીની મુશ્કેલ સમયમાં આંતરિક મજબૂતી માટે ધર્મ અને ધાર્મિક ગ્રંથો પ્રતિ પ્રયાણ કરવું અનિવાર્ય થઈ ગયું છે. ધર્મનો અગર આપણે જાતે અભ્યાસ કરીશું તો સમજાશે કે ધાર્મિક આસ્થા રાખવી એ કોઈ કાળે નુકશાન કારક નથી જ કારણ કે દરેક ધર્મ જીવનને દરેક ક્ષણે નવા સત્યને તારવવાનું શીખવે છે. જો આ ક્ષણને આપણે સહુ તર્કના ત્રાજવે તોળીશું તો સમજાશે કે અન્ય કોઈની વાતોને બદલે અગર આપણાં પોતાનાં અભ્યાસ અને તર્કને અનુસરવામાં જ અંતે ધર્મનો જય છે.

ઉંડત્વ છોડીને સમજીએ તો આ સમયમાં ભગવદ્ ગીતા, કુરાન મજીદ, બાઈબલ જેવાં તમામ ગ્રંથોમાં લખાયેલા શબ્દો આજે આટલા સમય પછી પણ એટલાં જ યર્થાથ છે. એનું કારણ એ છે કે ધર્મ અને ધર્મગ્રંથ પથદર્શક તરીકે હંમેશા સમાજને સાંપ્રત સમયમાં નવું સત્ય તારવવાની સદૈવ પ્રેરણા આપે છે. તેનાંથી ઉત્કૃષ્ટ સમાધાન મળી શકે છે.

દરેક ધર્મ જો હરેક નવી ક્ષણે નવું સત્ય તારવવાની પ્રેરણા આપતો હોય તો જડત્વ શી રીતે ફેલાઈ શકે ? ધાર્મિક પુસ્તકોનો આગવો અભ્યાસ ન કરીએ અને કેટલાક લોકોની સમજણને જ અનુસરીએ તો જડત્વ અચૂક આવે. ધર્મ જે સમસ્ત વિશ્વના લોકોના કલ્યાણ માટે રચાયો છે તે જડ થતાં જ અનર્થ કરવા લાગે છે. બાકી અગર આપણે જાતે જ સમજણ કેળવીએ તો ધર્મ એટલો બધો સરળ છે જેને કોઈપણ વ્યક્તિ સમજીને પોતાના જીવનમાં આત્મસાત કરી શકે છે.

આવા સમયે આપણાં મનમાં સ્વાભાવિક રીતે એક સવાલ જરૂરથી ઉદ્ભવે કે હાલનાં સમયમાં આપણે રોજનાં કલાકો એવી નકામી વસ્તુઓ પાછળ વ્યતીત કરીએ છીએ કે જેનાથી ના તો આપણો વિકાસ થાય છે કે ન તો સમાજનું કશું ય કલ્યાણ. તો પછીનો આ સમયાંતર સમયમાં એજ વસ્તુઓ પાછળ સમય વેડફ્યા વગર જીવનનું સત્ય જણવાનો પ્રયાસ કેમ ન કરીએ ? અહીં

એક સ્પષ્ટતા કરવી જરૂરી છે. ધર્મનો અભ્યાસ એટલે જીવન શી રીતે વ્યતીત કરવું એના માર્ગદર્શનની વાત છે. કોઈપણ ધર્મ એ લોક કલ્યાણ અને એક સંપૂર્ણ સમાજની રચના સિવાય અન્ય કોઈ જ વાત પર ભાર નથી મૂક્યો.

આપણી આસપાસ અજ્ઞાનનો અંધકાર ઉભો કરી કેટલાંક લોકો પોતાનાં લાભ માટે આપણી વિચારધારાને ધર્મના નામે ધર્મની વ્યાખ્યાથી વિપરીત સમજાવવા પ્રયત્ન કરી રહ્યા છે. આ કોઈ ધર્મ વિશેષની વાત નથી. આ સડો દરેક ધર્મમાં વ્યાપેલો છે. માર્ગદર્શક ધર્મ ગ્રંથોનું અધ્યયન કરવાથી આપણી આસપાસ ઉભા કરાયેલા ભ્રમનો નાશ થઈ શકે છે. જીવન પ્રત્યેનાં દ્રષ્ટિકોણને એક નવી જ દિશા આપી શકાય છે. સત્ય ગમે તેટલું જૂનું હોય જરાક સ્પર્શ કરતાં જ તે સોનાની જેમજ ઝળહળી ઉઠે છે. જ્યારે જૂઠાણું ગમે તેટલું સુંવાળું લાગે, અંતે તો એ અંધકારમાં જ લઈ જાય છે. આજે આપણને સહુને સર્જનહારે સમય આપ્યો છે તેનો સદ્ઉપયોગ કરી ચાલો થોડા પરમ સત્યો સમજીએ, અનુભવીએ, જીવનમાં આવૃત્ત કરીએ.

અંતે

**તમસો માં જ્યોતિર્ગમયઃ**

**અસત્યોમાંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા...**
**ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...**

**જ્ઞાન એ દોરો પરોવેલી સોય જેવું છે...**
**દોરો પરોવેલી સોય ખોવાતી નથી**
**તેમ**
**જ્ઞાન હોવાથી**
**સંસારમાં ભૂલા પડાતું નથી..!!**

DentVilla
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

• A complete dental consultation with digital x-ray.
• Complete prophylaxis (clean up) and gum care.
• Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
• Smile designing and esthetics.
• Complete prophylaxis for children.
• Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**

9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# મોરપીંછની આંખમાં શમણું

મોરપીંછની આંખમાં શમણું આવ્યું....
કાન રાધાથી કેમ રે રીસાયો ? ? ?
વાંસળીમાં એવી તો ફૂંક શું મારી
કે મીરાંના કાને પડઘાયો...
કાન રાધાથી કેમ રીસાયો ? ? ?
ઘૂઘવાતા તડકાની સોનેરી ઝાંય પીને
ગુલમ્હોર મ્હોર્યા છે એના અંગમાં,
ફગફગતા ફાગણની પ્રીતને પાંગરવા
કેસૂડાં કોળાયા છે સંગમાં....
મીરાં આટલું કહ્યું તો તમે માનો,
કે કાન રાધાથી કેમ રે રીસાયો ? ? ?
કૂવો ઉલેચીને ઓરતા રે વાયા
ભીતર ટશીયા ફૂટ્યાનો છે રંજ,
ટશીયા અજંપાના વાગ્યા હૈયામાં
ને હરણું થઈ કૂદે અજંપ...
મીરાં, હથેળી ખેડીને તડરો રે વાયો
કાન રાધાથી કેમ રે રીસાયો ? ? ?
વહેલી પરોઢના ઝાંખા અજવાસમાં
ઝાકળની ગૂંથી છે માળા,
હરિયાળા ઘાસમાં લીલી ભીનાશભરી
આ વરસાદે ભર્યા ઉચાળા...
મીરાં, કોરા તે અજવાળે શું તડકો કે છાંયો ?
કે કાન રાધાથી કેમ રે રીસાયો ? ? ?



## NATURE'S GIFT


**Brain is Brahmi**
Heart is Arjuna
**Strength is Ashwagandha**
Stamina is Shatavari
**Guduchi (ગીલોય) is Immunity**
Mulethi is throat
**Ginger is digestion**
Coconut oil is metabolism
**Sweet Potatoes are Pancreas**
Pumpkin is the GUT
**Carrots are Retina**
Tulsi is Oxygen
**Tomatoes are Prostate**
Pomegranate is Red blood cells
**Water is Blood**
Grapes are Lungs
**Papaya is Liver**
Apples are breathing & Respiration
Moringa is Muscles & joints

**We are gifted daily 660 litres of oxygen equivalent to 15 lakhs of ventilator cost, from the day we born & we are searching about Credibility of medicinal plants & their claims substantiation**

Wishing you Safe ,Healthy and Blessed Times ahead

# સૂર્યનમસ્કાર થી થતા અનેક લાભ

૧) સૂર્યનમસ્કાર થી શરીરના પ્રત્યેક અંગને કસરત મળે છે, તેથી નાના મોટા દરેક અવયવોના રોગો નાશ પામે છે.
૨) ખુલ્લા શરીરને સૂર્યકિરણોનો પ્રકાશ અને ગરમી મળતાં શરીરને સ્ફૂર્તિ અને તાજગી મળે છે.
૩) ત્વચાના કોઈ રોગ થતા નથી.
૪) ગળાના રોગો દૂર થાય છે, ગળામાં ટોન્સિલ (કાકડા) થતા નથી.
૫) પેટના સર્વ રોગો દૂર થાય છે. કબજીયાત સહિતના રોગોથી રાહત થાય છે.
૬) વધારાની ચરબી પણ દૂર થાય છે. શારિરીક સુસજ્જતા પ્રાપ્ત થાય છે.
૭) કરોડરજ્જુ નરમ અને લચીલી બને છે.
૮) લિવર એક્ટીવ થવાથી પાચનશક્તિમાં વધારો થાય છે.
૯) સંધિવા અને લકવા જેવા દર્દો દૂર થાય છે.
૧૦) કમરનો દુઃખવો મટે છે.
૧૧) અન્નનળી અને શ્વાસનળીના માર્ગો ખુલ્લા રહે છે. સ્વરપેટી સારી બને છે, તેથી મર્દાનગીભર્યો અવાજ પ્રાપ્ત થાય છે.
૧૨) ધાતુ -ક્ષીણતા ઘટે છે. વીર્ય સંરક્ષણ થાય છે. ગુપ્તાંગના રોગો મટે છે.
૧૩) બહેનો પણ સૂર્યનમસ્કારનો વ્યાયામ કરી શકે છે. તેથી બહેનોનું અનિયમિત માસિક નિયમિત બને છે.
૧૪) સમસ્ત સ્નાયુમંડળ સશક્ત બને છે.
૧૫) હાથ, પગ, કોણી, ઘૂંટણના સાંધા અને હાડકાને વ્યાયામ મળવાથી તેની કાર્યક્ષમતા તથા મજબૂતાઈ વધે છે.
૧૬) સમગ્ર શરીરને નવી તાજગી, બળ અને સ્ફૂર્તિ મળવાથી તે દોડવા લાગે છે.




# સૂર્ય નારાયણના મંત્રોચ્ચાર માટેનાં બાર નામ અને અર્થ

| | મંત્ર | | અર્થ |
|---|---|---|---|
| ૧ | ૐ મિત્રાય નમઃ | ૧ | સર્વ જગતના મિત્ર |
| ૨ | ૐ રવયે નમઃ | ૨ | પ્રશંસા પાત્ર, વખાણવા લાયક |
| ૩ | ૐ સૂર્યાય નમઃ | ૩ | સૃષ્ટિના માર્ગદર્શક |
| ૪ | ૐ ભાનવે નમઃ | ૪ | સોંદર્યને નિખારનાર |
| ૫ | ૐ ખગાય નમઃ | ૫ | સર્વ ઈન્દ્રિયોને સચેત કરનાર |
| ૬ | ૐ પુષ્ણે નમઃ | ૬ | પુષ્ટિકારક |
| ૭ | ૐ હિરણ્યગર્ભાય નમઃ | ૭ | સર્જનશીલ બનાવનાર |
| ૮ | ૐ મરીચયે નમઃ | ૮ | રોગોને નાથનાર |
| ૯ | ૐ આદિત્યાય નમઃ | ૯ | પ્રોત્સાહનના દાતા |
| ૧૦ | ૐ સવિત્રે નમઃ | ૧૦ | સર્વ શુદ્ધિ પ્રદાન કરનાર |
| ૧૧ | ૐ અર્કાય નમઃ | ૧૧ | તેજસ્વીતા અર્પનાર |
| ૧૨ | ૐ ભાસ્કરાય નમઃ | ૧૨ | પ્રકાશમાન બનાવનાર |

# જાણવા જેવી માહિતી છે... શક્ય હોય તો બીજાને પણ આપજો.....

૧) ઓક્સિજન લેવલ ૯૮ રહેવું જોઈએ

૨) પલ્સ ૭૫ ની આસપાસ રહેવા જોઈએ.

૩) રિપોર્ટમાં CRP 0-10 Normal આવવો જોઈએ. (આ રિપોર્ટ શરીરના અંદરના ભાગમાં વાયરસ કેટલી જગ્યાએ અસર કરે છે તે બતાવે છે.)

૪) D-Dimer upto ૫૦૦ રહેવો જોઈએ. (આ રિપોર્ટ શરીરમાં લોહી કેટલું જાડું છે એ બતાવે છે. જો ૫૦૦ + આવે તો લોહી પાતળુ કરવાના ઈંજેકશન આપે છે.

૫) WBC Count ૪૦૦૦-૧૦૦૦૦ રહેવા જોઈએ.

૬) Platlate Count ૧૫૦૦૦૦ - ૪૦૦૦૦૦ રહેવા જોઈએ.

૭) સતત વિટામીન C થી ભરપૂર ખોરાક ખાવાનો (સંતરા-મોસંબી વધારે પ્રમાણમાં લેવા.)

૮) શક્ય હોય તો ૨૪ કલાકમાંથી ૪ કલાક છાતી જમીનના ભાગ બાજુ રાખી ઉંધા સૂઈ ઉંડા શ્વાસ લેવા. જે એકદમ વેન્ટીલેશન જેવું કામ કરશે.

૯) કપાલભાતી અને અનુલોમ વિલોમ કરવા.

૧૦) ભૂખ્યા પેટે ના રહેવું અને ઉપવાસ તો બિલકુલ ના કરવા.

૧૧) શક્ય હોય તેટલુ ગરમ પાણી પીવું. શરીરમાં પાણીની કમી ન આવવી જોઈએ.

૧૨) કોરોના પેશન્ટને દવામાં Fabi Flue Anti Biotic દવા આપવામાં આવે છે. Glanmark Pharma Company ની આવે છે. ૧૩૦૦ રૂા. ની ૩૦ ગોળી આવે.) બહુ ઓછા પ્રમાણમાં મેડિકલમાં મળે છે.

૧૩) Enoxaparin Sodium Injection લોહી પાતળુ કરવા માટે સીધુ લોહીમાં જ આપવામાં આવે છે.

૧૪) અને આ સિવાય Sodium Chloride ની બોટલો ચઢાવવામાં આવે છે.

અને

એક ખાસ વાત કે કોરોનાથી બિલકુલ ગભરાવવાની જરૂર નથી. જેટલુ આપણે હળવાશથી લઈએ એટલું વધારે સારું...

..... અને દવાઓ કરતા પણ શારીરિક કસરતો બહુ જ સારા એવા પ્રમાણમાં અસર કરે છે, એ બિલકુલ ભુલવા જેવું નથી.

બધા માટે મહત્ત્વપૂર્ણ સંદેશ

તમે જે ગરમ પાણી પીશો તે તમારા ગળા માટે સારું છે. પરંતુ આ કોરોના વાયરસ ૩ થી ૪ દિવસ સુધી તમારા નાકના પેરાનાસલ સાઈનસની પાછળ છુપાયેલ છે. આપણે જે ગરમ પાણી પીએ છીએ ત્યાં પહોંચતા નથી. ૪ થી ૫ દિવસ પછી પેરાનાસલ સાઈનસની પાછળ છુપાયેલ આ વાયરસ તમારા ફેફસાં સુધી પહોંચે છે. પછી તમને શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

તેથી જ વરાળ લેવાનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, જે તમારા પેરાનાસલ સાઈનસની પાછળ પહોંચે છે. તમારે આ વાયરસને વરાળથી નાકમાં નાશ કરવો પડશે.

૫૦ ડીગ્રી સેલ્સિયસ પર આ વાયરસ અક્ષમ થઈ જાય છે એટલે કે લકવોગ્રસ્ત. ૬૦ ડીગ્રી સેલ્સિયસ પર આ વાયરસ એટલો નબળો પડે છે કે કોઈપણ માનવ રોગપ્રતિકારક શક્તિ તેની સામે લડી શકેછે. ૭૦ ડીગ્રી સેલ્સિયસ પર આ વાયરસ સંપૂર્ણપણે મૃત્યુ પામે છે.

આ તે છે જે વરાળ કરે છે. આ વાત આખા જન આરોગ્ય વિભાગ જાણે છે. પરંતુ દરેક વ્યક્તિ આ રોગચાળાનો લાભ લેવા માંગે છે. તેથી તેઓ આ માહિતીને ખુલ્લેઆમ શેર કરતા નથી.

જેણે ઘરે રહેવું હોય તેણે દિવસમાં એકવાર સ્ટીમ

લેવી જોઈએ. જો તમે શાકભાજી ખરીદવા માટે બજારમાં જાવ છો તો દિવસમાં બે વાર લો. કોઈપણ કે જે કેટલાક લોકોને મળે છે અથવા ઓફીસ જાય છે, તેણે દિવસમાં ૩ વખત વરાળ લેવી જોઈએ.

આ તમારા બધા પ્રિયજનોને ફોરવર્ડ કરો.

**સ્ટીમ સપ્તાહ**

ડૉક્ટરોના કહેવા મુજબ કોવિડ-૧૯ને નાક અને મોંમાંથી વરાળ શ્વાસમાં લઈને કોરોના વાયરસને દૂર કરીને મારી શકાય છે. જો બધા લોકોએ એક અઠવાડિયા માટે સ્ટીમ ડ્રાઈવ ઝુંબેશ શરૂ કરી, તો રોગચાળો જલ્દીથી સમાપ્ત થઈ જશે. તેથી અહીં એક સૂચન છે : કે તમે આ વાંચો ત્યારથી એક અઠવાડિયા માટે, સવારે અને સાંજે, દર વખતે માત્ર ૫ મિનિટ માટે, વરાળ શ્વાસ લેવાની પ્રક્રિયા શરૂ કરો.

જો બધા આ પ્રથાને એક અઠવાડિયા સુધી અપનાવે તો જીવલેણ કોવિડ-૧૯ ભૂંસી નાખવામાં આવશે. આ પ્રથાની કોઈ આડઅસર પણ નથી.

# એમ કેમ કહો છો

પ્રેમ અશક્ય છે એમ કેમ કહો છો
તમને ભૂલી જઈએ એમ કેમ કહો છો
વાત સૌની માનવાનું એકાદ કારણ તો આપો
અમે જ જીદી છીએ એમ કેમ કહો છો
મહોબતના દરીયામાં ડૂબી ગયા અમે
કાંઠે પાછા ફરીએ એમ કેમ કહો છો
અમારી સફળતામાં તમારો જ હાથ છે
સાથ છોડી દઈએ એમ કેમ કહો છો
અમે રહ્યા લાગણી ને પ્રક્રિતિના માણસ
ફૂલ સાથે બગાવત કરીએ એમ કેમ કહો છો
હૈયે તમારી યાદોના ડેટા સેવ રાખ્યા છે
બ્લોક કરી દઈએ એમ કેમ કહો છો.
આવશો 'મન' આંગણીયે, વ્હાલે વધાવીશું
મહેમાન થઈને રહીએ એમ કેમ કહો છો

– મનીષા 'મન'



NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068, INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય
જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ
(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)
જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર
એડ્રેસ : ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.
(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭
(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં**

**માહે ઓક્ટોબર ૨૦૨૦ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી મોબાઈલ તેમજ ઈમરજન્સીમાં કુલ ૩૪૦૦ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૧૭૦ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૬૨૭ દર્દીઓએ લાભ લીધેલ છે. મેજર ઓપરેશન ૧૩૬ તથા માઈનોર ૩૭ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૨,૭૩,૧૩૧/-ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૨૬૧૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે ઓક્ટોબર ૨૦૨૦ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૨૫૫૨ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૨૦૫ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં ૪૬૪ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ રૂા. ૭૩૬૪/- ની દવા માફી તેમજ લેબોરેટરીમાં રૂા. ૨૫૦/- ની માફી કરવામાં આવેલ છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી માન્યતા મળી ગયેલ છે. આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી-૨૦૨૧થી ચાલુ થનાર છે.

આ માટે નીચે મુજબની લેબોરેટરીના નામકરણ માટે દાતાશ્રીઓને અપીલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | કોમ્યુનીટી હેલ્થ નર્સીંગ લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૨. | પ્રી-ક્લીનીકલ સાયન્સ લેબ. (એનાટોમી તથા ફીજીયોલોજી) | રૂા. ૧૫ લાખ |
| ૩. | એવી.-એઈડ લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૪. | એડવાન્સ સ્કીલ નર્સીંગ લેબ. | રૂા. ૧૫ લાખ |
| ૫. | નર્સીંગ ફાઉન્ડેશન લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૬. | એમસીએચ એન્ડ પીડીયાટ્રીક લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૭. | ન્યુટ્રીશીયન લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૮. | કોમ્પ્યુટર લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૯. | લાઈબ્રેરી | રૂા. ૦૫ લાખ |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નો ફાળો નોંધાવી**

**ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવામાં સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**માનદ્ મંત્રીઓ - શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ**

# શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ

## મેડીકલ વિભાગ

શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ સંચાલીત મેડીકલ વિભાગ ખાતે મેડીકલ રિલિફ સ્કીમનાં નામાંકરણ માટે સમાજને શ્રી પ્રવીણચંદ્ર કોદરલાલ શાહ (પી.કે.શાહ) તરફથી રૂા. ૧૫ લાખની માતબર રકમ પ્રાપ્ત થયેલ છે. હવે પછી સમાજની મેડીકલ રિલિફ સ્કીમ 'શ્રીમતી સુધાબેન પી.કે. શાહ પ્રીઅજેને મેડીકલ રિલિફ સ્કીમ' ના નામે કાર્યરત રહેશે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

## અનુકરણીય દાન/વચન

સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી : (૧) એક અનામી દાતાશ્રી તરફથી દિવાળી નિમિત્તે રૂા. ૨૫,૦૦૦/-

## દિવાળી આર્થિક રાહત

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તરફથી દિવાળી નિમિત્તે આર્થિક રાહત મેળવનાર પ્રત્યેક કુટુંબને સમાજ તરફથી રૂા. ૨૦૦૦/- દિવાળી ભેટ આપવામાં આવશે.

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ૫૨ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨.૧૨.૨૦૨૦ ના રોજ સમય સાંજે ૬.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવિનચંદ્ર શાહ (કલકત્તાવાળા) સભાગૃહ, શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ, બાલકૃષ્ણ કૃપા કો.હા.સો. લી. ૪૫/-૪૯, બાબુગેનુ રોડ, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨ ખાતે યોજાશે. સભ્યોને તેની નોંધ લેવા વિનંતી.

**કારોબારી સમિતિ વતિ**
**શ્રી નિતીન જયંતીલાલ પરીખ,**
**શ્રી નિમિષ મનહરલાલ કડકિઆ,**
**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા - માનદ્ મંત્રીઓ**

# માણસ અને જીવન

**જેટલા માણસ તેટલી વાતો**

**માણસ :** માણસ જો પૈસા પાછળ દોડે તો તે પૈસાનો પૂજારી. પૈસા પાસે રાખે તો મૂડીવાદી કહેવાય. પૈસા ન મેળવે તો નમાલો કહેવાય. પૈસા મેળવવાનો પ્રયત્ન ન કરે તો મહત્વકાંક્ષા વગરનો કહેવાય. મહેનત કર્યા વગર પૈસા મેળવે તો હરામી હાડકાનો કહેવાય છે અને આખી જીંદગી સખત મહેનત કરી પૈસા ભેગા કરે તો લોકો કહેશે કેવો મૂર્ખ છે! એને જીવન માણતાં જ આવડયું નહીં. આજનો માનવી ઉપગ્રહો છોડતા શિખ્યો છે. પણ પૂર્વગ્રહો - હઠાગ્રહો છોડતા નથી શિખ્યો પછી ક્યાંથી અનુગ્રહોને પ્રાપ્ત કરી શકે? કોઈપણ માણસ ઉંમરમાં નાનો હોય પણ તેણે સમય ગુમાવ્યો ન હોય તો કલાકોમાં તે મોટો છે. ભૂલ કરે તે માનવ, કબુલ કરે તે મહામાનવ, સુધારે તે દિવ્ય માનવ. પહેલા માણસને ટેવ પડે છે, પછી તે ટેવ માણસને પાડે છે. પહેલાંના લોકો વિચારતા કે કોઈ આવે તો પછી સાથે સાથે જમીએ. આજનાં લોકો વિચારે છે કે કોઈ જાય પછી એકલા જમીએ.

**જીવન :** માણસના જીવનમાં ખાવા જેવી ચીજ ગમ, ગળવા જેવી ચીજ અપમાન, પચાવવા જેવી ચીજ બુદ્ધિ, આપવા જેવી ચીજ ધન, લેવા જેવી ચીજ જ્ઞાન, જીતવા જેવી ચીજ પ્રેમ, દેખાડવા જેવી ચીજ દયા, સાંભળવા જેવી ચીજ ગુણ, બોલવા જેવી ચીજ સત્ય, ભુલવા જેવી ચીજ (ખરાબ) ભૂતકાળને, સુધારવા જેવી ચીજ વર્તમાન છે. મીઠું, આથો અને ઉતાવળ ઓછા સારા. આયુષ્ય વિજળી સમાજ, યૌવન પુષ્પ સમાન અને વૈભવ પાણીના પરપોટાં સમાન છે. કલ કરે સો આજ કર, આજ કરે સો અબ. બે હાથે ભેગું કરો અને હજાર હાથે વહેંચો. જીવનનો સરવાળો એવો માંડજો કે મરણનો જવાબ ખોટો ના ઠરે. નાસીપાસ ના થાઓ, ઘણીવાર ઝુડાની છેલ્લી ચાવી જ તાળુ ખોલી આપે છે. સાચું બોલવાનો એક ફાયદો એ છે કે પછી આપણે શું બોલેલા તે યાદ રાખવું પડતું નથી. દીધા પછી લેવાનું ભુલી જાવ પણ લીધા પછી ચૂકવવાનું ભૂલતા નહી.

# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ સંસ્થા તરફથી મળ્યું છે.

બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત Institute of M.S.W. કોલેજ વર્ષ ૨૦૧૬-૧૭ થી સ્વનિર્ભર (સેલ્ફ ફાઈનાન્શ) ધોરણે ખુબ જ નિયમિત રીતે સંતોષપૂર્વક કામ કરે છે.

આશરે ૮૦ વર્ષ પૂર્વે જ્યારે સરકારશ્રીની મહિલાઓનાં આર્થિક વિકાસ અને સ્વનિર્ભરતા અંગેની કોઈ યોજના ન હતી ત્યારે બાલાસિનોરના અતિસંવેદનશીલ દીર્ધદ્રષ્ટા વડીલોએ મહિલાઓના ઉત્કર્ષ અને સ્વનિર્ભરતા અંગે ચિંતિત થઈ શ્રી વાડાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ ગૃહઉદ્યોગની સ્થાપના કરી હતી.

કાળક્રમે સરકારશ્રીની આ અંગેની યોજનાઓ અમલમાં આવતા આ સંસ્થા સંજોગોવસાત કાર્યરત કરતી બંધ થઈ હતી.

આ દીર્ધદ્રષ્ટા વડીલોના પુરુષાર્થને કાયમી શબ્દરૂપ આપવા બાલાસિનોર વિદ્યામંડળે તેમની Institute of M.S.W. કોલેજને શ્રી વાડાસિનોર સ્ત્રી કેળવણી મંડળ M.S.W. કોલેજ, બાલાસિનોરનું નામકરણ કરવા માટેની અરજી કુલપતિશ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી ગોધરાને કરી હતી, જે તેઓએ મંજૂર કરી છે. (પત્રક નં. એસજીજીયું/જોડાણ/૨૦૨૦/૩૪૧૮ તા. ૨૨-૯-૨૦૨૦)

તેના સંદર્ભમાં દાનનો ચેક આજ રોજ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મણીકાંતભાઈ સી. કડકીઆ તરફથી રૂા. ૩૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એકત્રીસ લાખ પુરા) નો ચેક નં. ૭૩૪૭૩૪ તા. ૨૬-૧૧-૨૦૨૦ બાલાસિનોર નાગરિક સહકારી બેંકનો મળ્યો છે.

જે બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી મુરબ્બી શ્રી મણીકાંતકાકા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓનો બાલાસિનોર વિદ્યામંડળના સૌ કારોબારી સભ્યો જ્યોતિપૂંજના જાહેર માધ્યમ દ્વારા દાતા સંસ્થાનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાંની લાગણી અનુભવે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

**પ્રયત્નશીલ રહેવાથી જ સફળતા મળે છે. રોકાયેલું તો પાણી પણ સડવા લાગે છે**

# પ્રકીર્ણ વિભાગ

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ વિરેન્દ્ર કાંતિલાલ ધારીઆ (ઓલ્લા) (USA) | ૭૪ |
| ✤ કોકિલાબેન નવનીતલાલ શાહ | ૮૫ |
| ✤ અશ્વિન મોહનલાલ પરીખ (અમદાવાદ) | ૬૯ |
| ✤ મહેન્દ્રભાઈ ચીમનલાલ મોદી (ઠાસરાવાળા) | ૭૯ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**


**આજકાલ માણસનું પણ પીઝા જેવું થઈ ગયુ છે... આવે ચોરસ બૉક્સમાં ખોલો તો ગોળ હોય ખાઓ તો ત્રિકોણ મતલબ... હોય અલગ, દેખાય અલગ અને વર્તન તો એકદમ જ અલગ**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

WPP License No. MR/TECH/WPP-147/South/2018-20
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

JYOTI PUNJ - December - 2020

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli